અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૫ ઓક્ટોબર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, આસો સુદ ૧૩ | અંક : ૧૦૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### બેન્કીંગ આઈટી શેરોમાં મોટો ઉછાળો જોવા મળ્યો । સેન્સેક્સ ૫૯૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૯૭૩ પોઈન્ટ પર બંધ થયો હતો

# સપ્તાહનો પહેલો દિવસ શેર બજારને ફળ્યો, રોકાણકારો ૧.૫૦ લાખ કરોડ કમાયા

। (એજન્સી) મુંબઈ, તા.૧૪ ।

સપ્તાહનું પ્રથમ ટ્રેડિંગ સત્ર ભારતીય શેરબજાર માટે ખૂબ જ શુભ રહ્યું છે. આજના સેશનમાં સેન્સેક્સ ૮૨૦૦૦ અને નિફ્ટી ૨૫૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. આજના કારોબારમાં મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં પણ તેજી જોવા મળી. બજાર બંધ થતાં BSE સેન્સેક્સ ૫૯૧ પોઈન્ટના ઉછાળા સાથે ૮૧,૯૭૩ પોઈન્ટ પર બંધ થયો હતો. નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૧૬૪ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫,૧૨૭ પોઈન્ટ પર બંધ રહ્યો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૨૦ શેર ઉછાળા સાથે અને ૧૦ નુકસાન સાથે બંધ થયા હતા. નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૩૪ વધ્યા અને ૧૫ નુકસાન સાથે બંધ થયા. વધતા શેરોમાં ટેક મહિન્દ્રા ૨.૯૩ ટકા, એચડીએફસી બેંક ૨.૨૯ ટકા, એલએન્ડટી ૧.૮૯ ટકા, આઈટીસી ૧.૭૮ ટકા, ઈન્ડસઈન્ડ બેન્ક ૧.૬૩ ટકા, કોટક મહિન્દ્રા બેન્ક ૧.૫૫ ટકાના વધારા સાથે બંધ થયા છે. ઘટતા શેરોમાં મારુતિ સુઝુકી ૧.૮૧ ટકા, ટાટા સ્ટીલ ૧.૪૯ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૧૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૬૭ ટકા, નેસ્લે ૦.૩૯ ટકા, એક્સિસ બેંક ૦.૩૬ ટકાના ઘટાડા સાથે બંધ થયા છે. આજના કારોબારમાં બેન્કીંગ આઈટી શેરોમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે. નિફ્ટીનો બેંકિંગ ઈન્ડેક્સ ૧.૨૬ ટકા અથવા ૬૪૪ પોઈન્ટના વધારા સાથે બંધ થયો હતો. જ્યારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૫૩૭ પોઈન્ટના વધારા સાથે બંધ રહ્યો હતો. આ સિવાય ફાર્મા, એફએમસીજી, ઈન્ફ્રા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, હેલ્થકેર અને ઓટો સેક્ટરના શેરમાં તેજી જોવા મળી હતી. ઘટતા શેરોમાં મેટલ્સ, મીડિયા અને કોમોડિટીઝનો સમાવેશ થાય છે. આજના કારોબારમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સ પણ જોરદાર ઉછાળા સાથે બંધ થયા છે. શેરબજારમાં આવેલી તેજીને કારણે લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ ઉછાળા સાથે બંધ થયું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૬૩.૭૬ લાખ કરોડ પર બંધ થયું હતું, જે અગાઉના ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૬૨.૨૭ લાખ કરોડના સ્તરે બંધ થયું હતું. એટલે કે બજારમાં તેજીના કારણે રોકાણકારોની સંપત્તિમાં ૧.૪૯ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે. બીએસઈ ખાતે આજે કુલ ટ્રેડેડ ૩૯૩૩ સ્ક્રિપ્સ પૈકી ૧૯૫૭ સુધારા તરફી અને ૧૮૦૧ ઘટાડા તરફી ટ્રેડ થઈ રહી હતી. ૨૦૫ શેર્સ વર્ષની નવી ટોચે અને ૨૧ શેર્સ વર્ષના તળિયે પહોંચ્યા હતા. ૩૧૬ શેર્સમાં અપર સર્કિટ અને ૧૬૮ શેર્સમાં લોઅર સર્કિટ વાગી હતી. ઓક્ટોબરમાં અત્યારસુધીમાં વિદેશી રોકાણકારોએ મોટાપાયે વેચવાલી નોંધાવી હોવા છતાં તેની અસર હવે બજાર પર જોવા મળી રહી નથી. જેની પાછળનું કારણ સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો (DII)ની મજબૂત ખરીદી છે. રોકાણકારો હવે જારી થનારા કોર્પોરેટ ત્રિમાસિક પરિણામો અંગે સકારાત્મક વલણ ધરાવી રહ્યા છે. એફઆઈઆઈએ આ મહિને અત્યારસુધીમાં કુલ રૂ. ૫૮૩૯૪.૫૬ કરોડની નેટ વેચવાલી નોંધાવી છે, જેની સામે ડીઆઈઆઈએ રૂ. ૫૭૭૯૨.૨૦ કરોડની મજબૂત લેવાલીનો ટેકો કર્યો છે.

### સીએમ બન્યા પછી લીધી શુભેચ્છા મુલાકાત

## દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી પીએમ મોદીને મળ્યા

**વડાપ્રધાન કાર્યાલય વતી તસવીર શેર કરીને બંને નેતાઓની મુલાકાતની માહિતી આપવામાં આવી હતી**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



દિલ્હીના મુખ્યમંત્રી આતિશી સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા હતા. મળતી માહિતી મુજબ આ બંને નેતાઓ વચ્ચે સૌજન્ય મુલાકાત હતી. દિલ્હીના મુખ્યમંત્રી બન્યા બાદ આતિશી પહેલીવાર પીએમ મોદીને મળ્યા છે. વડાપ્રધાન કાર્યાલય વતી તસવીર શેર કરીને બંને નેતાઓની મુલાકાતની માહિતી આપવામાં આવી હતી. દિલ્હી સરકારે હજુ સુધી જણાવ્યું નથી કે આતિશીએ વડાપ્રધાન સાથે શું વાતચીત કરી હતી.

ઉલ્લેખનીય છે કે કથિત દારૂ કૌભાંડમાં ઘણા મહિનાઓ સુધી જેલમાંથી બહાર આવ્યા બાદ અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું હતું.

## ચૂંટણીના આયોજન વચ્ચે ૨૦ જગ્યા ઉપર ઈડીની ટીમ ત્રાટકી

। રાંચી, તા.૧૪ ।

ઝારખંડમાં ગમે ત્યારે ચૂંટણી કાર્યક્રમ જાહેર થવાની તૈયારીમાં છે ત્યાં ઈડીએ પણ ઠેક ઠેકાણે દરોડાઓની શરૂઆત કરી દીધી છે. તાજેતરનો મામલો ઝારખંડના કદાવર મંત્રી સાથે જ સંકળાયેલો છે જેમના ૨૦ જેટલાં ઠેકાણે તપાસ ટીમ ત્રાટકી હતી. મળતી માહિતી અનુસાર જળ જીવન મિશન સંબંધિત યોજનાઓમાં ગેરરીતિઓના આરોપો હેઠળ ઈડી દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### ભારતીય હાઈ કમિશનરને પરત બોલાવાયા

## ભારત અને કેનેડા વચ્ચેના સંબંધોમાં મોટી તિરાડ પડી

**ટ્રૂડો સરકાર ભારતીય હાઈ કમિશનરને ફસાવવાના પ્રયાસમાં**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



કેનેડામાં ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની કથિત હત્યા બાદ કેનેડિયન વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડો વારંવાર ભારત વિરુદ્ધ અવાર-નવાર ઝેર ઓકતા રહે છે. ટ્રૂડો સરકારે નિજ્જર કેસમાં ભારતીય હાઈ કમિશનર સંજય કુમાર વર્માએ 'વ્યક્તિગત હિત'નો ઉપયોગ કર્યો હોવાનો આક્ષેપ કર્યા બાદ ભારતે જડબાતોડ જવાબ આપી મોટો નિર્ણય લીધો છે. કેન્દ્ર સરકારે સંજય કુમાર વર્માને તાત્કાલિક ત્યાંથી ભારત પરત બોલાવી દીધા છે. ભારત સરકારે કેનેડામાંથી હાઈ કમિશનર અને અન્ય લક્ષિત રાજદ્વારીઓ અને અધિકારીઓને પાછા ખેંચવાનો નિર્ણય લીધો છે. ટ્રૂડો ભારત વિરુદ્ધ અવારનવાર ઝેર ઓકતા રહે છે. અગાઉ તેમણે ખાલિસ્તાની આતંકી હરદીપસિંહ નિજ્જરની હત્યા પાછળ ભારતનો હાથ હોવાનો આક્ષેપ કર્યો હતો.

## કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો

। નવી દિલ્હી, તા.૧૪ ।


કેન્દ્રીય મંત્રી અને લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ જૂથ)ના ચીફ ચિરાગ પાસવાનની સુરક્ષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયે તેમને CRPFની Z કેટેગરીની સુરક્ષા આપી છે. આ પહેલા ચિરાગની સુરક્ષામાં SSB કમાન્ડો તેહનાત હતા. હકીકતમાં IBના ધમકીના અહેવાલ બાદ તેમની સુરક્ષામાં વધારો કરવામાં આવ્યો છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી પ્રમાણે Z કેટેગરી હેઠળ ચિરાગ પાસવાનની સુરક્ષામાં કુલ ૩૩ સુરક્ષા ગાર્ડ તેહનાત રહેશે.

### દિલ્હીમાં ઈમરજન્સી લેન્ડિંગ

## મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળી

**કેપ્લેનને ઝડપથી દિલ્હી તરફ વાળવામાં આવ્યું અને દિલ્હીના IGI એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।



મુંબઈથી ન્યૂયોર્ક જતી એર ઈન્ડિયાની ફ્લાઈટમાં બોમ્બની ધમકી મળતાં ખળભળાટ મચી ગયો હતો. પ્લેનને ઝડપથી દિલ્હી તરફ વાળવામાં આવ્યું અને દિલ્હીના IGI એરપોર્ટ પર લેન્ડ કરવામાં આવ્યું. પ્લેન હાલમાં દિલ્હી એરપોર્ટ પર ઉભું છે. મુસાફરો અને ક્રૂ મેમ્બર્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને સુરક્ષા પ્રોટોકોલ મુજબ પ્લેનનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.પોલીસે કહ્યું કે અમે તમારા સહકારની અપેક્ષા રાખીએ છીએ, અને તમને વણચકાસાયેલ માહિતી ફેલાવવાથી દૂર રહેવાનું કહીએ છીએ. વધુ માહિતી સમયાંતરે શેર કરવામાં આવશે.ફ્લાઈટ ટ્રેકિંગ એપ FlightRadar24 અનુસાર, મુંબઈથી ન્યૂયોર્કના JFK એરપોર્ટ માટે AI ૧૧૯ ફ્લાઈટ રાત્રે લગભગ ૨ વાગ્યે મુંબઈથી ટેકઓફ થઈ હતી.




### બે દિવસમાં કરોડોના ફાફડા-જલેબીનું થયું વેચાણ

# બેવડી દશેરાથી ફરસાણના વેપારીઓની કમાણી બેવડાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

રાજ્યમાં નવરાત્રિ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાયા બાદ વિજયાદશમી એટલે કે દશેરા (દસમી) મનાવવામાં આવ્યા છે. આ વર્ષે નવરાત્રિમાં આઠમ-નોમ અને દશેરાની તિથિને લઈને લોકોમાં અસમંજસતા જોવા મળી હતી. આઠમના નૈવેધ ક્યારે કરવા, નોમનો હવન ક્યારે કરવો અને ૧૨ ઓક્ટોબરે દશમ કરવી કે ૧૩ ઓક્ટોબરે? આ તમામ મૂંઝવણના કારણે બેવડી દશેરા મનાવવામાં આવ્યા છે. જેથી મીઠાઈ અને ફરસાણના વેપારીઓને જલસા પડી ગયા છે. કારણ કે બે દિવસ દશેરા મનાવાયા હોવાથી બંને દિવસ ફાફડા-જલેબીનું ધૂમ વેચાણ થયું છે. ગુજરાતીઓ ખાણી-પીણીના શોખીન તરીકે જાણીતા છે. ત્યારે દશેરાના પર્વે લોકો સવારથી જ ફાફડા, જલેબી, ચોળાફળી સહિતના ફરસાણ અને મીઠાઈઓ ખરીદતા હોય છે, જેથી વેપારીઓને સારી આવક થતી હોય છે. પરંતુ ફરસાણના વેપારીઓ આ વર્ષે સૌથી વધુ ખુશ હતા, કેમ કે તેમને પણ ખબર હતી કે આ વખતે બે દશેરા હોવાથી કમાણી પણ બેવડી થશે. અને થયું પણ એવું જ. દશેરા પર મીઠાઈ અને ફરસાણના વેપારીઓએ મીઠાઈ-ફરસાણ વેચવાના માંડવા-ટેબલો ગોઠવી દીધા હતા. વેપારીઓએ બેવડી કમાણી રળી લેવા માટે ધૂમ તૈયારીઓ કરી હતી. ગઈકાલે (૧૨ ઓક્ટબર) રાજ્યભરમાં કરોડો રૂપિયાના ફાફડા-જલેબી લોકો ઝાપટી ગયા હતા. પરંતુ આજે (૧૩ ઓક્ટોબર) પણ દશેરા હોવાથી વેપારીઓને ફાફડા-જલેબીના વેચાણથી ખુબ કમાણી થઈ છે.

### મેઘરાજાએ હજુ નથી લીધી વિદાય

# સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદ થયો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

છેલ્લાં ત્રણ-ચાર દિવસથી ગુજરાતમાં ફરી વરસાદ વરસતો જોવા મળી રહ્યો છે. અરબી સમુદ્રમાં સર્જાયેલી સિસ્ટમના કારણે ફરી એકવાર ગુજરાતમાં વરસાદનો રાઉન્ડ શરૂ થયો છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આજે ફરી ગાજવીજ સાથે ભારે વરસાદ નોંધાયો છે. આ સાથે આવતીકાલ માટે પણ હવામાન વિભાગ દ્વારા યેલો એલર્ટ આપવામાં આવ્યું છે. આજે જામખંભાળિયામાં પંથકમાં કાળા ડિબાંગ સાથે અચાનક ગાજવીજ સાથે વરસાદ શરૂ થયો હતો. આ સિવાય કચ્છના નખત્રાણા પંથકમાં પણ સારી માત્રામાં વરસાદ નોંધાયો હતો. આ સિવાય કચ્છના નખત્રાણા પંથકમાં પણ વરસાદ વરસ્યો હતો. વાતાવરણમાં અચાનક પલટો આવતા આસપાસના વિસ્તારમાં પણ ઝરમર વરસાદ જોવા મળ્યો હતો. દ્વારકા જિલ્લાના ભાટિયા પંથકમાં આજે અચાનક વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. જેમાં મેઘરાજાની ધબળાટી વચ્ચે વાદળો પણ ફંટાયા હતા. આ દરમિયાન અચાનક એવો નજારો જોવા મળ્યો.

# પેપરમાં ખોટા માર્ક્સ આપવા બદલ રૂ.૬૪ લાખનો દંડ ફટકારાયો

### ગુજરાત બોર્ડની પરીક્ષામાં એક મોટી ભૂલ એ થઈ હતી કે ઘણા શિક્ષકો કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

ગુજરાત બોર્ડની પરીક્ષામાં એક મોટી ભૂલ એ થઈ હતી કે ઘણા શિક્ષકો કુલ માર્કસનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગણિતના એક શિક્ષકે ૩૦ માર્ક્સની મોટી ભૂલ કરી હતી જેના કારણે વિદ્યાર્થી ધોરણ-૧૦ની બોર્ડની પરીક્ષામાં નાપાસ થયો હતો. જ્યારે વિદ્યાર્થીઓએ પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે, જ્યારે ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-GSEBએ પરિણામની પુષ્ટિ કરી, ત્યારે એવું બહાર આવ્યું કે પેપર ચેક કારનારા ગણિતના શિક્ષકે કુલ માર્ક્સનો સરવાળો કરવામાં ભૂલ કરી હતી. ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડ-GSEBએ ૪,૪૮૮ શિક્ષકોને ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષામાં માર્ક્સ આપવામાં ભૂલ કરવા બદલ દંડ ફટકાર્યો છે. GSEBના અધિકારીઓએ જણાવ્યું કે આ ભૂલોને કારણે આ શિક્ષકોએ ૬૪ લાખ રૂપિયાનો દંડ ભરવો પડશે.બોર્ડના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભૂલ કરનારા શિક્ષકોમાં ૧૦૦થી વધુ શિક્ષકો એવા છે જેમણે ૧૦ કે તેથી વધુ માર્કસની ભૂલો કરી હતી, અને આમાં મોટાભાગના ગણિતના શિક્ષકો હતા.GSEBના વાઈસ ચેરમેન દિનેશ પટેલે જણાવ્યું હતું કે, આ દંડ એ સુનિશ્ચિત કરવા માટે વસૂલવામાં આવે છે કે શિક્ષકો માર્કિંગ પ્રક્રિયામાં સતર્ક રહે.શિક્ષકોની આ ભૂલોએ વિદ્યાર્થીઓ માટે સમસ્યા ઊભી કરે છે, કારણ કે ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ની બોર્ડ પરીક્ષાના પરિણામો પર આધારિત છે. ખાસ કરીને ગણિત અને વિજ્ઞાન જેવા હાઈ સ્કોર ધરાવતા વિષયોમાં હજારો વિદ્યાર્થીઓ તેમના ગુણ સુધારવાની આશામાં પેપરના પુનઃમૂલ્યાંકન માટે અરજી કરે છે.ગુજરાત હાયર સેકન્ડરી ટીચર્સ એસોસિયેશનના પ્રમુખ ભરત પટેલે જણાવ્યું હતું કે ૩૦ માર્ક્સની આ ભૂલ ગણિતના શિક્ષકના કારણે થઈ હતી, જેઓ એક માર્કસ પણ વધારે આપતા નથી. જ્યારે વિદ્યાર્થી વિષયમાં નાપાસ થયો અને પુનઃમૂલ્યાંકન માટે અરજી કરી ત્યારે આ ભૂલ પકડાઈ હતી. કુલ મળીને ધોરણ-૧૦ના પેપર ચેકર્સ તરીકે કામ કરનારા ૧,૬૫૪ શિક્ષકોને ભૂલો બદલ સામૂહિક રીતે રૂ.૨૦ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.એક માર્કની દરેક ભૂલ બદલ શિક્ષકોને ૧૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. ધોરણ-૧૦ના પેપર ચેકર્સ તરીકે કામ કરનારા ૧,૬૫૪ શિક્ષકોને ભૂલો બદલ સામૂહિક રીતે રૂ.૨૦ લાખનો દંડ, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહના ૧,૪૦૪ પેપર ચેકર્સ પર ૨૪.૩૧ લાખ રૂપિયા અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના ૧,૪૩૦ પેપર ચેકર્સ પર ૧૯.૬૬ લાખ રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો છે. ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ કિરીટસિંહ મહિડાએ જણાવ્યું હતું કે શિક્ષકો દ્વારા કરવામાં આવતી કેટલીક સામાન્ય ભૂલોમાં માર્કસની ગણતરી કર્યા પછી માર્કસ આગળ ન લઈ જવા, ચોક્કસ જવાબોના માર્કસ ધ્યાનમાં લેવાનું ભૂલી જવા અને ૨.૫ અથવા ૫.૫ જેવા કુલ માર્કસને રાઉન્ડ ન કરવા જેવી કેટલીક સામાન્ય ભૂલોનો સમાવેશ થાય છે.





સર્જન વાઈસ એડમિરલ કવિતા સહાયે નેવલ મેડિકલ સર્વિસીસના ડિરેક્ટર જનરલ તરીકેનો ચાર્જ સંભાળ્યો. તેમની ઉત્કૃષ્ટ સેવા માટે તેમને ૨૦૨૪ માં સેના મેડલ અને ૨૦૧૮ માં વિશિષ્ટ સેવા મેડલ એનાયત કરવામાં આવ્યા છે.

## પાંચ લોકો પર વીજળી પડતા ત્રણના ઘટનાસ્થળે મોત

। (એજન્સી) ભરૂચ, તા.૧૪ ।

ભરુચ શહેર જિલ્લામાં સાંજ થતાં વીજળીના કડાકા ભડાકા સાથે વરસેલા વરસાદ વચ્ચે પાદરીયા ગામમાં વીજળી પડતા ત્રણના મોત થયા હતા તેમજ બે લોકો દાઝી ગયા હતા. વાગરાથી મોટરસાયકલ લઈ પોતાના ગામ ચોરદા જતાં માર્ગમાં ધોધમાર વરસાદ પડવાનો શરૂ થતા હબીબભાઈ મલેક તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવા સહિત અન્યો સાથે વરસાદથી બચવા પાદરીયા ગામ નજીક કેનાલ પાસે બુલેટ ટ્રેનના બ્રિજ નજીક વડના ઝાડ નીચે ઊભા રહ્યા હતા. આ દરમિયાન વડના ઝાડ પર વીજળી પડતા નીચે ઉભેલા પાંચ લોકો માંથી ૩ લોકોના ઘટનાસ્થળે મોત થયા હતા તેમજ ૨ લોકો દાઝી ગયા હતા. ઘટનાની જાણ થતા ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા તમામને પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ જવામાં આવ્યા હતા. પાલેજ સમુહિક આરોગ્ય કેન્દ્રમાં ફરજ પરના તબીબે હબીબભાઈ મલેક, તેમના પુત્ર શકીલ તેમજ કરણ ગામના મનીષ સુરેશ વસાવાને મૃત જાહેર કર્યા હતા, જ્યારે અન્ય બે દાઝેલા ઓને વધુ સારવાર માટે ભરુચ ખાનગી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા.

## માંડવીના ડેકોરેશન અને નાસ્તા બાબતે રહીશો વચ્ચે મારામારી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

ઘાટલોડિયાના કિર્તી એપાર્ટમેન્ટમાં રહેતા રહીશો વચ્ચે ડેકોરેશનના કામ અને નાસ્તા બાબતે મારામારી થઈ હતી. બંને પક્ષના લોકો સામસામે આવી જતા કેટલાક લોકોએ હાથપગ તોડી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ઘાટલોડિયા પોલીસે ચાર લોકો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ઘાટલોડિયાના કિર્તી એપાર્ટમેન્ટમાં તરુણાબેન પટેલ પરિવાર સાથે રહે છે. તરુણાબેનની સોસાયટીમાં નવરાત્રિનું આયોજન થયુ હતું. જેમાં માંડવીના ડેકોરેશનનું આયોજન સોસાયટીમાં રહેતા જીગરભાઈ પટેલે કર્યુ હતું. જેને લઈને સોસાયટીમાં જ રહેતા અને લાઈટ ડેકોરેશનનું કામ કરતા જિજ્ઞેશ ઉર્ફે જીગાભાઈ પટેલ નારાજ હતા. તેવામાં ગત શનિવારે તરુણાબેન જીગરભાઈના પત્ની સાથે એ બ્લોક પાસે બેઠા હતા. ત્યારે જિજ્ઞેશ ઉર્ફે જીગાભાઈએ ત્યાં રહેતા પૂર્વિલ પટેલ વિરુદ્ધ કરેલી અરજીને લઈને પોલીસ આવી હતી. પોલીસ પૂર્વિલ સાથે વાત કરીને જતી રહી હતી. ત્યારબાદ જિજ્ઞેશ ઉર્ફે જીગાભાઈ પટેલના પત્ની અલ્પાબેન, ચેરમેન ભરતભાઈ પટેલના પત્ની જાગૃતિબેને આવીને નવરાત્રિમાં માંડવીના ડેકોરેશનનું કામ કેમ સરખી રીતે કર્યુ નહોતુ તેમ કહીને શિલ્પાબેન સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. જેથી તરુણાબેને આ શિલ્પાબેનને તમે કરેલુ નાસ્તાનું આયોજન પણ સારૂ નહોતુ તેમ જણાવ્યુ હતું. જેથી બંને પક્ષના લોકો વચ્ચે અંદરોઅંદર ઉગ્ર બોલાચાલી અને ગાળાગાળી થઈ હતી. તેવામાં અલ્પાબેને તરુણાબેનને લાફો મારી દીધો હતો. અન્ય લોકોએ પૂર્વિલ સાથે ઝપાઝપી કરી હતી. બાદમાં આ તમામ લોકોએ અમારી સામે આવશો તો હાથપગ તોડી નાખીશુ તેવી ધમકી આપતા પોલીસ બોલાવાઈ હતી. ઘાટલોડિયા પોલીસે સ્થળ પર પહોંચીને તપાસ કરીને અલ્પાબેન ઉર્ફે ઉર્વિબેન જિજ્ઞેશભાઈ પટેલ, વેદ જિજ્ઞેશભાઈ પટેલ, જાગૃતિબેન ભરતભાઈ પટેલ અને ક્રિશ ભરતભાઈ પટેલ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### સરકારે ૧૧૨.૫૦ કરોડ રૂપિયા મંજૂર કર્યા

# રાજ્યમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરીને રસ્તા સુધારવામાં આવશે

### ભારે ટ્રાફિક ધરાવતા કુલ ૨૦ માર્ગોના 33 કિલોમીટર રસ્તા સીસી રોડ બનાવવા ૩૦૦.૫૭ કરોડ ફાળવ્યા

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૪ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં રસ્તાઓના બાંધકામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ટકાઉ માર્ગોના નિર્માણ સાથે પર્યાવરણ સુધારણા અંગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ હેતુસર મુખ્યમંત્રી એ ૧૩ રસ્તાઓની કુલ ૧૦૪.૯૬ કિ.મી. લંબાઈની માર્ગ સુધારણા માટે રૂ. ૧૧૨.૫૦ કરોડ ફાળવ્યા છે. એટલું જ નહિ, ભારે ટ્રાફિક ધરાવતા તેમજ ચોમાસા દરમિયાન ઓવરટોપીંગ થતા હોય તેવા કુલ ૨૦ રસ્તાઓના ૯૩.૩૩ કિ.મી. લંબાઈના માર્ગો સી.સી. રોડના બનાવવા માટે ૩૦૦.૫૭ રૂપિયા મંજૂર કર્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે ૭મી ઑક્ટોબર ૨૦૦૧ના દિવસે કાર્યભાર સંભાળીને રાજ્યના વિકાસને નવી દિશા આપી છે. આ સફળ સુશાસનના ૨૩ વર્ષ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યવ્યાપી 'વિકાસ સપ્તાહ' ઉજવાઈ રહ્યું છે. વિકાસ સપ્તાહની આ ઉજવણીમાં વિવિધ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહૂર્ત, નવા વિકાસ કામોની મંજૂરીના ઉપક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગથી માર્ગોની સુધારણાનો આ પર્યાવરણ પ્રિય અભિગમ અપનાવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ પ્લાસ્ટિક વેસ્ટના આવા નિર્માણ કાર્યોમાં વધારેને વધારે ઉપયોગ દ્વારા વિકસિત ભારત માટે સસ્ટેનેબલ ડેવલપમેન્ટનું વિઝન આપેલું છે. તેમના આ વિઝનને સાકાર કરવામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને અગ્રેસર બનાવવાના હેતુથી માર્ગ સુધારણા માટેના કામોમાં પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું છે. પ્લાસ્ટિક વેસ્ટનો માર્ગ સુધારણા અને નવ નિર્માણમાં ઉપયોગ આવનારા દિવસોમાં પર્યાવરણ સુધારણાની દિશામાં મહત્વપૂર્ણ બનશે.

## માર્કેટમાં સફરજન કરતા પણ મોંઘા થયાં ટામેટા

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

આવખતે કમોસમી વરસાદે એવી રીતે તબાહી મચાવી છે કે અતિવૃષ્ટિને કારણે શાકભાજીના ઉત્પાદનને અસર થઈ છે. શાકભાજીના ઉત્પ ાદનને અસર થતાં શાકભાજીના ભાવ આકાશે આંબી ગયા છે. દર વર્ષે ઓક્ટોબર મહિનો શરૂ થતાં જ શાકભાજીના ભાવમાં રાહત મળવા લાગે છે, પરંતુ આ વખતે એવું કંઈક અલગ જોવા મળી રહ્યું છે. આપને જાણીને નવાઈ લાગશે કે આ દિવસોમાં શાકભાજી માર્કેટમાં સફરજનની કિંમત ૧૦૦ થી ૯૦ રૂપિયા પ્રતિ કિલો છે, પરંતુ ટામેટાની કિંમત ૧૨૦ રૂપિયા સુધી પહોંચી ગઈ છે. લીલા ધાણા ૨૫૦ રૂપિયામાં મળે છે. મોંઘવારી વધવાને કારણે રસોડાનું બજેટ ખોરવાઈ ગયું છે. લીલા શાકભાજી ખરીદવી સામાન્ય માણસની પહોંચની બહાર થઈ ગઈ છે. સ્થિતિ એ છે કે લીલા શાકભાજીના ભાવ ફળો કરતા વધુ થઈ ગયા છે. શાકભાજી વિક્રેતાઓએ જણાવ્યું હતું કે, દર વર્ષે સપ્ટેમ્બર અથવા ઓક્ટોબરના અંતમાં ગ્રામીણ વિસ્તારોમાંથી શાકભાજી આવવાનું શરૂ થાય છે. પરંતુ આ વખતે સ્થાનિક પાક નિષ્ફળ ગયો છે.

### સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડ રાખશે ચાંપતી નજર

# અમદાવાદ ટ્રાફિક પોલીસ પર લગામ! હવે ફરજિયાત કેમેરો પહેરવો પડશે

### ટીઆરબી જવાનો અને પોલીસ ટ્રાફિકના નિયમનું પાલન કરાવે છે કે નહીં તેની નજર રાખવા માટે પગલું લેવાયું

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

અમદાવાદમાં દિનપ્રતિદિન ટ્રાફિકની સમસ્યામાં વધારો થઈ રહ્યો છે. જેને લઈને હાઈકોર્ટે પણ ઘણીવાર ટ્રાફિક પોલીસને ફટકાર લગાવી છે. તેમ છતાં સમસ્યાનો કોઈ ઉકેલ દેખાતો નથી. ઘણીવાર તો એવું પણ જોવા મળે છે કે, ટીઆરબી જવાનો ચાર રસ્તા પર સિગ્નલ પર ઉભા તો હોય છે, પણ પોતાના ફોનમાં જ પડ્યા હોય છે. જેને લઈને હવે ટ્રાફિક પોલીસે કડક પગલાં લીધાં છે.

ટીઆરબી જવાનો અને પોલીસ ટ્રાફિકના નિયમનું પાલન કરાવે છે કે નહીં તેની નજર રાખવા માટે ટ્રાફિક જેસીપી એન.એન.ચૌધરીએ સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડની રચના કરી છે. આ ટીમ દ્વારા જે પણ ટ્રાફિક પોલીસ કે ટીઆરબી જવાન ફરજ પર હશે તેમને ફરજિયાત બોડીવોર્ન કેમેરા પહેરાવશે. જેનું મોનિટરિંગ કંટ્રોલ રૂમમાં હાજર મોનિટરિંગ સ્ક્વોડ દ્વારા જ કરવામાં આવશે. જો કોઈ ટ્રાફિક પોલીસ ફરજ દરમિયાન કોઈપણ પ્રકારની ગફલત કરતા પકડાશે તો તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

જેસીપી તથા ડીસીપી દ્વારા સ્પેશિયલ મોનિટરિંગ સ્ક્વોડની રચના સાથે ફરજ દરમિયાન યુનિફોર્મ નવ પહેરવા તેમજ દંડ તેમજ શિક્ષાત્મક કાર્યવાહી કરવા પર પણ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ફરજ દરમિયાન મોબાઈલ ફોન વાપરવો, ટોળા વળીને ઉભા રહેવું, રસ્તાની બાજુમાં રીક્ષા કે બાઇક પર બેસી રહેવું જેવી હરકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કોઈપણ ટીઆરબી જવાન કે ટ્રાફિક પોલીસ આ પ્રકારની ઘટના કરતા જણાશે તો તેની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

**વિશેષ** — એક લાખ વૃક્ષારોપણ માટે ૧૨૦૦ કિલોમીટર પદયાત્રા : વિરાગ મધુમાલતીનો અવિરત પ્રયાસ

# મુંબઈના વતની વિરાગ મધુમાલતીની યાત્રા પર્યાવરણના રક્ષણ અને વ્યસનમુક્તિ માટે જનજાગૃતિ લાવવા સમર્પિત

। (માહિતી) ગાંધીનગર ।








પ્રત્યેક લોકોમાં પર્યાવરણની જાળવણી અને જાગૃતિના આવે તેવા હેતુ સાથે સંગીતકાર અને ગ્રિનીચ બુક ઓફ રેકોર્ડ્સના પાંચ વખતના વિજેતા રહી ચુકેલા મુંબઈના વતની વિરાગ મધુમાલતી ૧,૨૦૦ કિમી લાંબી મહાત્મય પદયાત્રા પર છે, જેમાં એક લાખ વૃક્ષો વાવવાના અભિયાનને સકારાત્મક દિશામાં આગળ વધારી રહ્યા છે. આ યાત્રા ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ નવી મુંબઈથી પ્રારંભ કરી હતી અને રાજસ્થાનના નાકોડામાં પુર્ણ થશે. યાત્રાની આ સફરમાં તેમણે અત્યાર સુધી ૩૬૪ કિલોમીટરનો અંતર કાપી સુરતના સચિન ખાતે પહોંચ્યાં હતા, જ્યાં લાજપોર સેન્ટ્રલ જેલના સુપ્રિટેન્ડેન્ટ અને અન્ય અધિકારીઓ સાથે વૃક્ષારોપણ કરી "વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો"ની અપીલ કરી હતી. આ પદયાત્રા માત્ર વૃક્ષારોપણ પૂરતી સીમિત નથી, પરંતુ વિરાગ મધુમાલતી દરેક વિરામ સ્થળે વ્યસનમુક્તિના સંદેશો આપીને પર્યાવરણ જાગૃતિ ફેલાવી રહ્યા છે. સરકાર પણ આ પ્રયાસોને પ્રોત્સાહન આપી રહી છે, જે રાજ્યના પર્યાવરણલક્ષી ઉદ્દેશો સાથે અનુરૂપ છે. આ યાત્રા પર્યાવરણ જાળવવા અને સમાજમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે એક પ્રેરણાસ્રોત બની રહી છે, અને સ્થાનિક લોકોને જાગૃત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહી છે. આ યાત્રા દ્વારા તેઓ પર્યાવરણ પ્રેમી સમાજ ઊભું કરવાના હેતુથી કાર્યરત છે. "વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો" એ તેમનો મુખ્ય સૂત્ર છે. તેઓ ૧૪ વર્ષથી પર્યાવરણને સુરક્ષિત રાખવા માટે સક્રિય રહ્યા છે અને ૨૦૧૯થી તેમણે પ્લાસ્ટિકની બોટલનો ઉપયોગ છોડી દીધો છે. આ યાત્રા માત્ર વૃક્ષારોપણ પર કેન્દ્રિત નથી, પણ વ્યસનમુક્તિ અને ચક્ષુદાન માટે પણ લોકોમાં જાગૃતિનું કાર્ય કરી રહ્યા છે. વિરાગ મધુમાલતીનું આ અભિયાન માત્ર હાલમાં જ નહીં, પરંતુ ભવિષ્યની પેઢીઓને પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવાના મહત્વકાંક્ષી પ્રયાસોનો ભાગ છે. યુવા પેઢીને પર્યાવરણ સાથે જોડાવા માટે પ્રેરિત કરતી આ યાત્રા એ સારા કામની પ્રેરણાદાયક દિશામાં મહત્વપૂર્ણ પગલું છે. વૃક્ષારોપણ અભિયાન દ્વારા વિરાગ મધુમાલતી અને તેમની ટીમ પર્યાવરણ રક્ષણ અને લોક જાગૃતિનું સરાહનીય કાર્ય કરી રહ્યા છે, જે ભવિષ્ય માટે એક મહત્ત્વપૂર્ણ સંદેશ આપે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ચૂંટણી પૂર્વે શિંદે સરકારની મોટી જાહેરાત

# મુંબઈમાં પ્રવેશ પર લાદવામાં આવતા તમામ ટોલ ટેક્સ નાબૂદ કરવામાં આવ્યા

## મુંબઈમાં કુલ ૫ પ્રવેશ માર્ગો છે જેના પર ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે : આના પર કોઈ ટોલ નહીં લાગે

। (એજન્સી) મહારાષ્ટ્ર,તા.૧૪ ।

મહારાષ્ટ્રની એકનાથ શિંદે સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા વધુ એક મોટો નિર્ણય લીધો છે. રાજ્યમાં આ અઠવાડિયે ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. આવી સ્થિતિમાં સીએમ એકનાથ શિંદે અને તેમના સહયોગી જનતાને આકર્ષે તેવા નિર્ણય લેવામાં વ્યસ્ત છે. દરમિયાન, સોમવારે રાજ્ય કેબિનેટે મુંબઈમાં પ્રવેશ પર લાદવામાં આવતા તમામ ટોલ ટેક્સ નાબૂદ કરી દીધા છે. મુંબઈમાં કુલ ૫ પ્રવેશ માર્ગો છે જેના પર ટોલ ટેક્સ વસૂલવામાં આવે છે. આજે રાત્રે ૧૨ વાગ્યાથી આના પર કોઈ ટોલ નહીં લાગે. આ નિર્ણય નાના વાહનો એટલે કે બાઈક, કાર વગેરે માટે છે. કોમર્શિયલ



વાહનો પર પહેલાની જેમ જ ટેક્સ લાગતો રહેશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી લાખો લોકોને ફાયદો થવાની આશા છે. આવી સ્થિતિમાં તેને ચૂંટણી પહેલા માસ્ટરસ્ટ્રોક તરીકે જોવામાં આવી રહ્યું છે. આ નિર્ણયથી મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં સરકારની તરફેણમાં વાતાવરણ સર્જાઈ શકે છે. સીએમ એકનાથ શિંદે પોતે થાણેથી ધારાસભ્ય છે. સીએમ બનતા પહેલા તેમણે મુંબઈમાં પ્રવેશ પર લગાવવામાં આવેલા ટોલનો અનેકવાર વિરોધ કર્યો હતો. મહારાષ્ટ્ર રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા બનાવવામાં આવેલા ૫૫ ફ્લાયઓવર માટે ૪૫ રૂપિયાનો ટોલ ટેક્સ લેવામાં આવે છે. તેઓ ૧૯૯૫ અને ૧૯૯૯ની વચ્ચે બનાવવામાં આવ્યા હતા. આ ટોલ ટેક્સ કુલ ૫ સ્થળોએ વસૂલવામાં આવે છે. હવે અહીં સામાન્ય વપરાશકારો પર ટોલ ટેક્સ નહીં લાગે. મુલુંડ ચેક નાકા, મુલુંડ ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે, ઐરોલી નાકા, દહિસર અને માનખુર્દ નાકા પર ટોલ વસૂલવામાં આવ્યો છે. રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઈચ્છતું હતું કે આ ટોલ ચાલુ રહે જેથી થાણે ક્રીક બ્રિજના બાંધકામનો ખર્ચ વસૂલ કરી શકાય, પરંતુ સરકારે તાત્કાલિક અસરથી ટોલ નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. મહત્વનું છે કે રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના દ્વારા પણ આ અંગે હિલચાલ કરવામાં આવી છે. MNSનું કહેવું છે કે ટોલ ખતમ થવો જોઈએ. MNS કહી રહી છે કે તેમની પાસેથી રસ્તા અને ફ્લાયઓવરના નિર્માણના ખર્ચ જેટલી રકમ વસૂલ કરવામાં આવી છે. સરકારના આ નિર્ણયની ભાજપના પૂર્વ સાંસદ કિરીટ સોમૈયાએ વખાણ કર્યા છે. તેમનું કહેવું છે કે હું આ નિર્ણયનું સ્વાગત કરું છું. ઉલ્લેખનીય છે કે સીએમ શિંદે પોતે થાણેથી આવે છે અને તેઓ કહે છે કે આ કામ માટે દરરોજ મુંબઈ આવતા હજારો લોકો સાથે અન્યાય છે.

### ISROનું મોટું મિશન

# ઈસરો દ્વારા અંતરિક્ષમાં અલગ-અલગ સેટેલાઇટનું ડોકિંગ કરવાની તૈયારી શરૂ

## આ મિશન દ્વારા ISRO અંતરિક્ષમાં બે અલગ-અલગ અવકાશયાનને જોડવાનો પ્રયાસ કરવામાં આવી શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।

ISRO એક ખૂબ જ મોટા મિશનની તૈયારી કરી રહ્યું છે. આ મિશન દ્વારા ISRO અંતરિક્ષમાં બે અલગ-અલગ અવકાશયાનને જોડવાનો પ્રયાસ કરશે. આ એક SPADEX (સ્પેસ ડોકિંગ એક્સપેરિમેન્ટ્સ) મિશન છે. આ પ્રક્રિયા ચંદ્રયાન ૪ માટે કરવામાં આવશે. ચંદ્રયાન માટે ડોકિંગ ખૂબ જ જરૂરી છે જેમાં બે અલગ-અલગ ભાગોને જોડવામાં આવે છે. હાલમાં SPADEXમાં સેટેલાઈટનું ઉમેરો કરવામાં આવી રહ્યો છે. આ પૂરા થયા બાદ તેનો પરીક્ષણ કરવામાં આવશે. ત્યાર બાદ તેમાં સફળતા મળી તો તેને અવકાશમાં મોકલવામાં આવશે. આ પ્રક્રિયા ૧૫ ડિસેમ્બર આસપાસ કરવામાં આવી શકે છે. SPADEX મિશનનું મુખ્ય કાર્ય બે અલગ-અલગ વસ્તુઓને જોડવાનું છે. સેટેલાઈટના બે ભાગોને જોડવાની તે પ્રક્રિયાને SPADEX કહેવામાં આવે છે. ચંદ્રયાન ૪ માટે આ પ્રક્રિયા ખૂબ જ ઉપયોગી થશે. ચંદ્રયાન સાથે સતત સંપર્કમાં રહેવા અને તેના પર નજર રાખવા માટે વિવિધ સેટેલાઈટ અલગ-અલગ જગ્યાએ



રાખવામાં આવશે. આ સેટેલાઈટને એક જ રોકેટમાં કનેક્ટ કરીને મોકલવામાં આવશે અને અવકાશમાં તેને અલગ-અલગ મૂકવામાં આવશે. અવકાશમાં અલગ-અલગ જગ્યાએ રાખ્યા બાદ તે ચંદ્રયાન પર નજર રાખશે. તેના પર નજર રાખ્યા બાદ તેને ફરી એક કરવાની જરૂર પડશે ત્યારે તે આપોઆપ એક જ ઓરબિટમાં આવશે. ત્યારબાદ એકમેકની નજીક આવ્યા પછી તેને જોડવામાં આવશે. આ મિશન પૂરું થયા બાદ ISRO ગગનયાનના બે મિશન કરશે. તેમાં પહેલું ટેસ્ટ વ્હિકલ ડેમોન્સ્ટ્રેશન-૨ અને ત્યારબાદ બીજી ટેસ્ટ માનવરહિત મિશન G1 કરવામાં આવશે. ત્યાર બાદ ઈન્ટીગ્રેટેડ એર ડ્રોપ ટેસ્ટ અને પેડ અબોર્ટ ટેસ્ટ પણ કરવામાં આવશે.

### ડમ્પર, અલ્ટો કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થયો

# કાનપુરમાં ગમખ્વાર અકસ્માતમાં પાંચ જેટલા લોકોએ જીવ ગુમાવ્યા

। (એજન્સી) કાનપુર, તા.૧૪ ।

ઉત્તર પ્રદેશના કાનપુર જિલ્લામાં ૧૪મી ઓક્ટોબરની સવારે ડમ્પર, અલ્ટો કાર અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માત સર્જાયો હતો. જેમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યા હતા. કાનપુર અને ઈટાવા એલિવેટેડ હાઈવે પર આ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. અહેવાલો અનુસાર કાનપુર-ઈટાવા એલિવેટેડ હાઈવે પર આગળ ચાલતા ખાલી ડમ્પરે અચાનક બ્રેક મારી હતી અને પાછળ આવતી અલ્ટો કાર તેની પાછળ ધડાકાભેર અથડાઈ હતી. જ્યારે કારની પાછળ આવતી સળિયાઓ ભરેલી ટ્રકે ટક્કર મારી હતી. કાર બે વાહનો



વચ્ચે ફસાઈ ગઈ હતી, જેમાં બે વિદ્યાર્થી, બે વિદ્યાર્થિનીઓ અને ડ્રાઈવર સહિત પાંચ લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. માહિતી મળતાં જ સ્થાનિક પોલીસ અને ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. કારના પતરા કાપીને મૃતદેહને બહાર કાઢ્યા હતા. આ ઘટના બાદ ડમ્પર અને ટ્રકના ચાલકો સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા.

### પંચાયત દ્વારા પોલીસ સુધી મામલો ન પહોંચાડવા પ્રયાસ

# ઝારખંડમાં મેળામાંથી પરત ફરતી બે સગીરા પર ગેંગરેપ

। (એજન્સી) રાંચી, તા.૧૪ ।

ગુજરાતમાં નવરાત્રિ દરમિયાન અનેક દુષ્કર્મની ઘટનાઓ સામે આવ્યા બાદ ભારતના અન્ય રાજ્યોમાંથી પણ હવે સામૂહિક દુષ્કર્મના કેસ સામે આવવા લાગ્યા છે. તાજેતરનો મામલો ઝારખંડના પલામુ જિલ્લાનો છે જ્યાં દુર્ગા પૂજાના મેળામાંથી ઘરે પરત જતી બે દલિત સગીરાઓ પર સામૂહિક દુષ્કર્મ આચરવામાં આવ્યું હોવાના ચકચારભર્યા સમાચાર સામે આવ્યા છે. એક પોલીસ અધિકારીએ આ મામલે જાણકારી આપતાં કહ્યું કે આ ઘટના શુક્રવારે નૌડીહા બજાર ક્ષેત્રના પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. હેવાનોએ આ બંને સગીરાઓને રસ્તામાં અધવચ્ચેથી જ ઉપાડી લીધી હતી



અને તેમના પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આરોપીઓને પકડવા માટે મોટાપાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. પીડિતાઓએ સામૂહિક દુષ્કર્મનો ભોગ બન્યા બાદ ઘરે પહોંચીને પરિવારને ઘટના વિશે જાણકારી આપી હતી. ત્યારબાદ આ મામલે આગામી બે દિવસ સુધીમાં પંચાયત સ્તરે જ ઉકેલવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. છેવટે રવિવારે મોડી સાંજે આ મામલો પોલીસ સુધી પહોંચી ગયો. આ મામલે તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

### બાબા સિદ્દીકીની હત્યાએ અનેક સવાલો ઉભા કર્યા

# બાબા સિદ્દીકી મર્ડરનો માસ્ટર માઈન્ડ અને શૂટર્સની વચ્ચેની કડી શુભમ લોંકર

## પોલીસે અત્યાર સુધી ધર્મરાજ કશ્યપ, પ્રવીણ લોંકર અને ગુરમેલ સિંહની અલગ-અલગ જગ્યાએથી ધરપકડ

। (એજન્સી) મુંબઈ,તા.૧૪ ।

બાબા સિદ્દીકીની હત્યાએ અનેક સવાલો ઉભા કર્યા છે. હત્યામાં સંડોવાયેલા કેટલાક આરોપીઓ પોલીસના હાથે ઝડપાઈ ગયા છે, જેમાંથી કેટલાકને શોધવા માટે ક્રાઈમ બ્રાન્ચની ૧૦થી વધુ ટીમો મુંબઈ, હરિયાણા, પંજાબ, ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાં સક્રિય છે. પોલીસે અત્યાર સુધી ધર્મરાજ કશ્યપ, પ્રવીણ લોંકર અને ગુરમેલ સિંહની અલગ-અલગ જગ્યાએથી ધરપકડ કરી છે. હવે પોલીસ મોહમ્મદ જીશાન અખ્તર, શિવકુમાર અને શુભમ લોંકરને પકડવાનો પ્રયાસ કરી રહી છે. ઝીશાન અખ્તર બાબા સિદ્દીકી હત્યા કેસનો માસ્ટરમાઈન્ડ હોવાનું કહેવાય છે, જ્યારે શુભમ લોંકર એ જ વ્યક્તિ છે જેણે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું છે કે આ હત્યા લોરેન્સ બિશ્નોઈ ગેંગ દ્વારા કરવામાં આવી હતી. પોલીસે આશંકા વ્યક્ત કરી છે કે 'લોનકર બ્રધર્સ'એ બાબા સિદ્દીકીની હત્યા કરવા માટે શૂટરોને રાખ્યા હતા. પ્રવીણ





લોંકરની મુંબઈ પોલીસ ક્રાઈમ બ્રાન્ચે રવિવારે પુણેથી ધરપકડ કરી છે, પરંતુ તેનો ભાઈ શુભમ લોંકર હજુ સુધી પોલીસના હાથે ઝડપાયો નથી. પોલીસને શંકા છે કે શુભમ લોંકર આ હત્યાના માસ્ટરમાઈન્ડ જીશાન અને શૂટર્સ વચ્ચેની કડી છે. શુભમ લોંકરે જ બાબા સિદ્દીકીના મૃત્યુનો કોન્ટ્રાક્ટ ધરમરાજ, ગુરમેલ અને શિવને આપ્યો હતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારીના જણાવ્યા અનુસાર, પ્રવીણ અને શુભમે હત્યાનું કામ બે કથિત શૂટરોને સોંપ્યું હતું, જેમાંથી એક ઉત્તર પ્રદેશનો રહેવાસી છે અને બીજો શિવકુમાર ગૌતમ છે. અધિકારીએ કહ્યું કે પોલીસ શુભમ લોંકરની શોધમાં પુણે ગઈ હતી, પરંતુ તે ત્યાં મળ્યો ન હતો. આ પછી પોલીસે હત્યામાં કથિત સંડોવણી બદલ તેના ભાઈ પ્રવીણ લોંકરની ધરપકડ કરી હતી. શુભમ રામેશ્વર લોંકર ઉર્ફે શિબુ લોંકર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે કનેક્શન ધરાવે છે, આ વર્ષની શરૂઆતમાં જ ખુલાસો થયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, શુભમ લોંકરને મહારાષ્ટ્ર પોલીસે આ વર્ષે ફેબ્રુઆરીમાં અકોલાથી ગેરકાયદેસર હથિયારો સાથે ધરપકડ કરી હતી. ત્યારબાદ પોલીસ તપાસમાં ખુલાસો થયો કે શુભમ લોનકર લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે જોડાયેલો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન શુભમ લોંકરે સ્વીકાર્યું હતું કે તે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલા લોકો સાથે વાત કરે છે. શુભમે કબૂલાત કરી હતી કે તેણે વિદેશમાં બેઠેલા અનમોલ બિશ્નોઈ સાથે પણ વીડિયો કોલ દ્વારા વાત કરી હતી.



નવી દિલ્હીમાં ઓસ્ટ્રેલિયાના ડિપાર્ટમેન્ટ ઓફ ડિફેન્સના સચિવ ગ્રેગ મોરિયાટીએ કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી.

# હરિયાણામાં સૈનીની શપથ વિધિ પૂર્વે જેપી નડ્ડા સાથે અનિલ વિજની મુલાકાત



। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૪ ।

અંબાલા કેન્ટ બેઠક પરથી સતત ૭મી વખત ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા હરિયાણા ભાજપના વરિષ્ઠ નેતા અનિલ વિજે જેપી નડ્ડા સાથે મુલાકાત કરી છે. તેઓ રવિવારે પાર્ટી ચીફને મળવા દિલ્હી પહોંચ્યા હતા. હરિયાણામાં વરિષ્ઠ મંત્રી અનિલ વિજની જેપી નડ્ડા સાથેની મુલાકાતની પણ ચર્ચામાં છે. હાલમાં નવી સરકારમાં તેમને કયું મંત્રાલય મળી શકે છે તે અંગે અટકળો ચાલી રહી છે. તેઓ મનોહર લાલ ખટ્ટરની સરકારમાં ગૃહ પ્રધાન હતા, પરંતુ નાયબ સિંહ સૈનીને કમાન મળ્યા બાદ તેમણે શપથ લીધા ન હતા. તેઓ માત્ર ધારાસભ્ય તરીકે કામ કરતા હતા. આ વખતે ફરી તેઓ અંબાલાથી જીત્યા છે. આ જીત બાદ તેમના ફરી કેબિનેટમાં સામેલ થવાની વાતો ચાલી રહી છે. નાયબ સિંહ સૈની ૧૭ ઓક્ટોબરે કેટલાક મંત્રીઓ સાથે શપથ લેશે.

# બહરાઈચમાં બીજા દિવસે પણ સ્થિતિ કાબૂમાં નહીં

। (એજન્સી) લખનૌ, તા.૧૪ ।

દુર્ગા પ્રતિમા વિસર્જન દરમિયાન ઉત્તર પ્રદેશના બહરાઈચમાં થયેલી હિંસાને લઈને જિલ્લામાં આજે પણ તણાવનો માહોલ જોવા મળી રહ્યો હતો. ગોળીબારમાં માર્યા ગયેલા રામગોપાલ મિશ્રાના મૃતદેહને લઈને સેંકડો લોકોનું ટોળું રસ્તા પર ઉતરી આવ્યું હતું. તેઓ પોલીસ પ્રશાસન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને દોષિતોની તાત્કાલિક ધરપકડ અને કડક કાર્યવાહીની માંગ કરી હતી. પરિવારના સભ્યો અને ગ્રામજનોએ મૃતદેહને મહસી તહસીલના મુખ્યાલય પર રાખી દીધો છે. ઘટનાસ્થળપરભારેપોલીસફોર્સહાજરછે.ડીએમ, એસપીથી લઈને ડઝનબંધ અધિકારીઓ આક્રોશિત લોકોને શાંત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ પરિવાર તેમની એક વાત નથી માની રહ્યું. તેમણે અંતિમ સંસ્કાર કરવાનો ઈનકાર કરી દીધો છે. ઘટના અંગે વાત કરીએ તો ૧૩ ઑક્ટોબરના રોજ સાંજે બહરાઈચના મહસી તહસીલના હરડી વિસ્તારના મહારાજગંજ નગરમાં વિશિષ્ટ સમુદાયના મહોલ્લામાંથી દુર્ગા મૂર્તિ વિસર્જન યાત્રા નીકળી રહી હતી. આરોપ છે કે આ દરમિયાન જ ડીજે વગાડવાને લઈને બે સમુદાયો વચ્ચે હિંસક અથડામણ થઈ ગઈ હતી. આ દરમિયાન કેટલાક લોકોએ ધાબા પરથી પથ્થરમારો શરુ કરી દીધો અને વિરોધ કરવા પર ફાયરિંગ કરી દીધું, જેમાં રામ ગોપાલ મિશ્રા નામના યુવકને ગોળી વાગી ગઈ હતી. આ ઘટનામાં લગભગ ૧૫થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. તમામ ઘાયલોને હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા જ્યાં ડૉક્ટરોએ રામ ગોપાલ મિશ્રાને મૃત જાહેર કર્યા હતા. રામ ગોપાલના મોતના સમાચાર ફેલાતાં જ સમગ્ર જિલ્લામાં ખળભળાટ મચી ગયો હતો. લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા તોડફોડ તથા દુકાનોમાં આગચંપી શરુ કરી દીધી હતી. ભીડને કાબૂમાં લેવા માટે પોલીસે પણ બળપ્રયોગ કરવો પડ્યો હતો. મોડી રાત્રે પોસ્ટમોર્ટમ થયા બાદ આજે સવારે અંતિમ સંસ્કારની તૈયારી કરવામાં આવી છે. હાલમાં પણ બહરાઈચના હરડી પોલીસ સ્ટેશન વિસ્તારના મહારાજગંજમાં દુર્ગા મૂર્તિ વિસર્જન યાત્રા પર પથ્થરમારો અને ફાયરિંગ બાદ તણાવ યથાવત્ છે.

### બકરાની બલિ આપીને કરી પૂજા-અર્ચના

# મન્નત પૂરી થઈ જતા જ દુર્ગા મંદિર પહોંચ્યો મુસ્લિમ પરિવાર

## મુસ્લિમ પરિવારે દેવી દુર્ગાના મંદિરમાં આવીને પૂજા કરી, અને બકરાની બલિ ચઢાવીને માતા રાની પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરી

। (એજન્સી) પટણા, તા.૧૪ ।

એવું કહેવાય છે કે શ્રદ્ધાનો કોઈ અંત નથી અને કોઈ સીમા નથી. બિહારના કટિહાર જિલ્લામાંથી પ્રકાશમાં આવેલી આ ઘટનાએ ભક્તોની મા દુર્ગા પ્રત્યેની આસ્થા વધારી દીધી છે. તેમની મનોકામના પૂર્ણ થયા બાદ, મુસ્લિમ પરિવારે દેવી દુર્ગાના મંદિરમાં પૂજા કરી, અને બકરાની બલિ ચઢાવીને માતા રાની પ્રત્યેની શ્રદ્ધા વ્યક્ત કરી. કટિહારના દુર્ગાસ્થાન સ્થિત બડી દુર્ગા મંદિરમાં આવનાર તમામ



ભક્તોની મનોકામનાઓ પૂર્ણ થાય છે. ભલે તે કોઈપણ ધર્મનો હોય. હસનગંજ બ્લોકની ખોરબા પંચાયતમાં રહેતી ઝૈદા ખાતૂનના પરિવાર સાથે પણ કંઈક આવું જ થયું. જેની ઈચ્છા માતા દુર્ગાએ પૂરી કરી હતી. જે બાદ સમગ્ર પરિવારે મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. જાયદા ખાતૂને જણાવ્યું કે લગ્નના ૫ વર્ષ બાદ પણ તેમનો સંતાન સુખ મળ્યું ન હતું. તેમણે ઘણા ડૉક્ટરો અને સ્થળોની મુલાકાત લીધી. દરમિયાન, તે દુર્ગા સ્થાન સ્થિત દુર્ગા મંદિર પાસેથી પસાર થઈ રહી હતી, ત્યારબાદ તે માતાના દરબારમાં પહોંચી હતી. તેણે પોતાની ઈચ્છા દેવી માતા સમક્ષ મૂકી અને એક બકરાનું બલિદાન આપવાની ઈચ્છા વ્યક્ત કરી અને તેની ઈચ્છા પૂરી થતાં જ તેના પરિવાર સાથે પ્રસાદ ચઢાવ્યો.


### રામાયણમાં મહાભારત!

# રામલીલામાં રાવણ અને રામ ઝઘડ્યા, બથ્થંબથ્થા આવી ગયા

## રાવણે રામલીલામાં રામને ધક્કો મારતાં તે સ્ટેજ પરથી નીચે પડતાં બચી ગયો હતો બાદમાં ઝઘડો થયો હતો

। (એજન્સી) અમરોહા, તા.૧૪ ।

ઓક્ટોબરના રોજ દેશભરમાં વિજયાદશમીનો તહેવાર ધામ ધૂમથી ઉજવવામાં આવ્યો હતો. ઘણી જગ્યાએ રામલીલા ભજવાઈ હતી. હાલમાં સોશિયલ મીડિયા પર એક વાયરલ થયો છે જે તમને હસવા માટે મજબૂર કર દેશે. રામલીલામાં રામ અને રાવણની ભૂમિકા ભજવી રહેલા કલાકારો રીલને બદલે રિયલ લાઈફમાં ઝઘડા પર ઉતરી આવ્યા હતા. રિપોર્ટ અનુસાર આ મામલો ઉત્તર



પ્રદેશના અમરોહાનો છે. જ્યાં વિજયાદશમીના દિવસે રામલીલાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન રામ અને રાવણ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું હતું. પરંતુ અચાનક બંને કલાકારો સામ સામે આવી ગયા હતા અને સ્ટેજને લડાઈનો અખાડો બનાવી દીધો હતો. હવે આ વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ જ શેર કરવામાં આવી રહ્યો છે. વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે સ્ટેજ સજાવવામાં આવ્યું છે. રામ અને રાવણ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. લક્ષ્મણ પણ સ્ટેજ પર છે. તીર વડે સામ સામે લડાઈ ચાલી રહી છે. આ સમયે રાવણ રામનું પાત્ર ભજવતા અભિનેતાને ધક્કો મારે છે. આવી સ્થિતિમાં, કલાકારનું સંતુલન બગડે છે.

## તંત્રી લેખ...

### ચીને ૨૫ લડાકૂ વિમાન અને સાત યુદ્ધ જહાજ ઉતારી કર્યું શક્તિ પ્રદર્શન

ચીન અને તાઈવાન વચ્ચે તણાવ નવો નથી, પરંતુ તાજેતરના દિવસોમાં આ તણાવ ફરી વધી ગયો છે. ચીને તાઈવાન નજીક સૈન્ય અભ્યાસ શરુ કર્યો છે, જેમાં યુદ્ધ જહાજો અને લડાકૂ વિમાન સામેલ છે. આ યુદ્ધ અભ્યાસનું નામ 'જોઈન્ટ સ્વોર્ડ-૨૦૨૪ બી' નામ આપવામાં આવ્યું છે, જેનો હેતુ તાઈવાન પર દબાણ લાવવાનો અને પોતાની સૈન્ય શક્તિનું પ્રદર્શન કરવાનો છે. જો કે ચીન તેને તેની સંયુક્ત કામગીરી ક્ષમતાનું પરીક્ષણ ગણાવી રહ્યું છે, પરંતુ હકીકતમાં તાઈવાનને ડરાવવા અને તેના સ્વતંત્રતા સમર્થક વિચારોને દબાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવી રહ્યું છે. તાઈવાનના પ્રમુખ વિલિયમ લાઈ ચિંગના તાજેતરના ભાષણ બાદ ચીનની નારાજગી વધી ગઈ છે. પ્રમુખ લાઈએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, તાઈવાન અને ચીન અલગ છે. ચીનને તાઈવાનનું પ્રતિનિધિત્વ કરવાનો કોઈ અધિકાર નથી. આ નિવેદન ચીન માટે એક પડકાર સમાન હતું, જે તાઈવાનને પોતાનો હિસ્સો માને છે. તેના જવાબમાં ચીને તાત્કાલિક પોતાની સેના પીપુલ્સ લેબરેશન આર્મી (ન્છ)ને એક્ટિવ કરી દીધી અને તાઈવાનની ચારેય બાજુ નાકાબંધી જેવો માહોલ બનાવી દીધો. ચીની દ્વારા આયોજિત 'જોઈન્ટ સ્વોર્ડ-૨૦૨૪ બી' સૈન્ય અભ્યાસમાં ૨૫ લડાકૂ વિમાન, ૭ યુદ્ધ જહાજ અને ચાર અન્ય જહાજો તાઈવાનની આસપાસ જોવા મળ્યા છે. આમાંથી કેટલાક વિમાનોએ તાઈવાનની મધ્ય રેખાને ઓળંગીને તાઈવાનના દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો છે. ચીનનું આ સૈન્ય પ્રદર્શન તાઈવાનને ડરાવવાનો વધુ એક પ્રયાસ છે, કારણ કે તાઈવાન પોતાને એક સ્વતંત્ર રાષ્ટ્ર માને છે અને ચીનના કોઈપણ દાવાને નકારે છે. અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોના તાઈવાનને સમર્થનથી ચીન વધુ આક્રમક બની ગયું છે. તાઈવાન પ્રત્યે ચીનની આક્રમક નીતિનું આ વધુ એક ઉદાહરણ છે. જેના કારણે ક્ષેત્રમાં સ્થિરતા અને શાંતિ માટે ખતરો ઉત્પન્ન થઈ રહ્યો છે. તાઈવાન ચીનના દબાણ છતાં પોતાની સ્વતંત્રતા અને રાષ્ટ્રીય ઓળખ માટે અડગ છે અને આંતરરાષ્ટ્રીય સમર્થનને કારણે તેની સ્થિતિ મજબૂત બની છે.

### કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડાએ ઔષધ નિયમન સત્તામંડળોની ૧૯મી આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કર્યું




કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી શ્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે અહીં ૧૯મી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ ઑફ ડ્રગ રેગ્યુલેટરી ઓથોરિટીઝ (આઈસીડીઆરએ)નું ઉદઘાટન કર્યું. આ આયોજન ભારતમાં પહેલી વખત ૧૪થી ૧૮ ઓક્ટોબર દરમિયાન થઈ રહ્યું છે. આ આયોજન સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઈઝેશન (સીડીએસસીઓ), આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા વિશ્વ આરોગ્ય સંસ્થા (ડબ્લ્યુએચઓ)ના સહયોગથી કરવામાં આવી રહ્યું છે. આ સંમેલનમાં ૧૯૪થી વધુ ડબ્લ્યુએચઓના સભ્ય દેશોના નિયમનકારી અધિકારીઓ, નીતિ ઘડવૈયાઓ અને આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં છે. આ પ્રસંગે સંબોધન કરતાં શ્રી જેપી નડ્ડાએ વૈશ્વિક સ્તરે હેલ્થકેરનાં માપદંડો વધારવા અને જાહેર સ્વાસ્થ્યનાં સંરક્ષણ માટે સહિયારી કટિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અભૂતપૂર્વ કોવિડ ૧૯ મહામારી દરમિયાન ભારત સ્વાસ્થ્ય સંબંધિત સ્થિતિસ્થાપકતા અને નવીનતામાં વૈશ્વિક નેતા તરીકે ઊભરી આવ્યું હતું, એટલું જ નહીં, વિશ્વની ફાર્મસી તરીકેની તેની ભૂમિકાની પુષ્ટિ પણ કરી હતી. "ભારતે ઝડપથી તેના હેલ્થકેર ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર કર્યો અને સ્થાનિક અને વૈશ્વિક બંને માંગને પહોંચી વળવા માટે રસીનું ઉત્પાદન વધાર્યું. એક અબજથી વધુ લોકોને આવરી લેતા કોવિડ-૧૯ રસીકરણ કાર્યક્રમનું સફળ અમલીકરણ આપણી હેલ્થકેર સિસ્ટમની મજબૂતાઈ, આપણા આરોગ્ય કર્મચારીઓની કટિબદ્ધતા અને આપણી નીતિઓની મજબૂતાઈનો પુરાવો છે." કેન્દ્રીય આરોગ્ય મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતે વિશ્વનાં દેશો માટે આવશ્યક દવાઓ, રસીઓ અને તબીબી પુરવઠાની વાજબી સુલભતા સુનિશ્ચિત કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "વસુધૈવ કુટુંબકમ - વિશ્વ એક પરિવારનાં સિદ્ધાંતથી પ્રેરિત થઈને અમે ૧૫૦થી વધારે દેશોને અમારો સાથ સહકાર આપ્યો છે, જેમાં રોગચાળા દરમિયાન જીવનરક્ષક દવાઓ અને રસીઓ પ્રદાન કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય એકતાની આ ભાવના વૈશ્વિક સ્વાસ્થ્ય માટે ભારતનાં દ્રષ્ટિકોણનાં હાર્દમાં છે. અમારું માનવું છે કે અમારી પ્રગતિ વિશ્વની પ્રગતિથી અવિભાજ્ય છે, અને આ રીતે, અમે વૈશ્વિક આરોગ્ય સુરક્ષા અને ટકાઉપણામાં ફાળો આપવા માટે પ્રતિબદ્ધ છીએ, એમ તેમણે જણાવ્યું હતું. શ્રી નડ્ડાએ નોંધ્યું હતું કે, "આઈસીડીઆરએ પ્લેટફોર્મ જ્ઞાનનું આદાન-પ્રદાન કરવા, ભાગીદારી વધારવા અને નિયમનકારી માળખું વિકસાવવા માટે અવકાશ પ્રદાન કરે છે, જે દુનિયાભરમાં તબીબી ઉત્પાદનોની સુરક્ષા, અસરકારકતા અને ગુણવત્તાને સુનિશ્ચિત કરે છે." સીડીએસસીઓની ઉપલબ્ધિઓ પર પ્રકાશ પાડતા શ્રી નડ્ડાએ કહ્યું હતું કે, "તેમણે દેશમાં સુરક્ષિત અને અસરકારક દવાઓ અને તબીબી ઉપકરણોને મંજૂરી આપવા માટે તથા દુનિયામાં ૨૦૦થી વધારે દેશોમાં નિકાસ કરવા માટે મજબૂત વ્યવસ્થા વિકસાવી છે." તેમણે જણાવ્યું હતું કે, વાજબી કિંમતે ગુણવત્તાયુક્ત દવાની ઉપલબ્ધતા મૂળમાં છે. તેમણે એમ પણ માહિતી આપી હતી કે, "આજે ૮ ડ્રગ ટેસ્ટિંગ લેબ કાર્યરત છે જ્યારે ૨ વધુ પાઈપલાઈનમાં છે. આયાત કરવામાં આવતી દવાઓ અને કાચા માલના ઝડપી પરીક્ષણ અને પ્રકાશન માટે વિવિધ બંદરો પર ૮ મીની પરીક્ષણ પ્રયોગશાળાઓ કાર્યરત છે. આ ઉપરાંત ૩૮ સ્ટેટ ડ્રગ રેગ્યુલેટરની ટેસ્ટિંગ લેબ કાર્યરત છે. એકંદરે, નિયમનકારી દેખરેખ તંત્ર હેઠળ દર વર્ષે એક લાખથી વધુ નમૂનાઓનું પરીક્ષણ કરવામાં આવે છે."

**એકદમ સત્યસ્થ થઈને કહીએ તો આત્મા અને પરમાત્મા બંને સૌ કોઈ માટે સહજતાથી સ્વીકારી શકાય એવું સત્ય નથી**

# આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વરગત ઇતિહાસ શું માનવીય જીવનને ગુણ સભર કરી શકે એમ છે?



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સૌપ્રથમ તો અહીં એક વાત ક્લિયર કરવી પડે કે આપણા મગજમાં આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વરગત ઇતિહાસ માટે કેવી કેવી ગ્રંથિઓ છે!; આપણી માન્યતા આ બધાં માટે સરળ રહીં શકે એવી હોવી જોઈએ, એનુ કોઈ નિશ્ચિત રુપ કે સ્વરૂપ નથી, પણ આ બંધુ આપણામાં માનવતાનું સીંચન કરે ! સંવેદના ભરે, સાત્વિક શ્રદ્ધાવાન બનાવી રાખે, સર્વના હિતકારી, શુભકારી નિર્ણય ને અનુસરી શકે!**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. પૂર્વની સંસ્કૃતિ અને પશ્ચિમની સંસ્કૃતિમાં લાખગાડાનો ફેર છે અને એ આપણે સૌ જાણીએ છીએ. આપણી સંસ્કૃતિમાં માત્ર સ્થૂળ શરીરને મહત્વ આપવામાં આવ્યું નથી, જ્યારે એ સંસ્કૃતિમાં શરીરને લગતા ભોગ કે વિષયને જ જીવન કહેવાયું છે. હાલાકી આજનો સમાજ થોડો થોડો એ તરફ જઈ રહ્યો છે, પરંતુ છતાં હિન્દુ સંસ્કૃતિના મૂળિયા એટલા મજબૂત છે કે, જન્મથી મૃત્યુ સુધીની જીવન યાત્રામાં જીવ પૂર્ણપણે અન્ય સંસ્કૃતિ અપનાવી શકતો નથી, અને એની માટેના મુખ્ય ચાર કારણ છે, જે નાગરસેતુ ગ્રુપની રવિવારની ચર્ચાનો વિષય હતો. એની પર એક સુંદર આધ્યાત્મિક ચિંતન થઈ શકે એમ છે એવું લાગ્યું.

આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વર ગત ઈતિહાસ! આ બધું શું ખરેખર માનવ જીવને ગુણથી ભરે છે? સૌપ્રથમ તો અહીં એક વાત ક્લિયર કરવી પડે કે આપણા મગજમાં આત્મા, પરમાત્મા, ધર્મ, કે ઈશ્વરગત ઈતિહાસ માટે કેવી કેવી ગ્રંથિઓ છે!; આપણી માન્યતા આ બધાં માટે સરળ રહીં શકે એવી હોવી જોઈએ, એનુ કોઈ નિશ્ચિત રુપ કે સ્વરૂપ નથી, પણ આ બંધુ આપણામાં માનવતાનું સીંચન કરે! સંવેદના ભરે, સાત્વિક શ્રદ્ધાવાન બનાવી રાખે, સર્વના હિતકારી, શુભકારી નિર્ણય ને અનુસરી શકે! એ બહુ મહત્વનું છે. એકદમ સત્યસ્થ થઈને કહીએ તો આત્મા અને પરમાત્મા બંને સૌ કોઈ માટે સહજતાથી સ્વીકારી શકાય એવું સત્ય નથી. એટલે કે એક ધારણાથી શરૂ થાય છે, પણ ચિંતન કરીએ તો નાની મોટી અનુભૂતિ પણ પ્રાપ્ત થઈ શકે! અને મોટાભાગનાનો એ અનુભવ પણ રહ્યો હશે કે, કોઈ આંતરિક શક્તિ કે તેનો અવાજ જીવનની દિશાને નીતિ તરફ દોરવા માટે હંમેશા પ્રયત્ન કરે છે. હા આપણાં કાન એ સાંભળવા ટેવાયેલા ન હોવાથી મોટાભાગનાં એને સાંભળી શકતા નથી, અને એને પરિણામે અત્યારના સમાજમાં આત્મા પરમાત્મા કે ધર્મને લઈને લોકોની વૈચારિકતામાં વિભિન્નતા પ્રવર્તે છે. પણ એને કારણે આત્મા તત્વ જેવું કંઈ નથી હોતું! એ તથ્ય કાઢી શકાય નહીં! કારણકે પાયા વગરની ઈમારતો જીંદગીના આટલાં તોફાનો સહન કરી શકે નહીં! ભારતીય સંસ્કૃતિમાં પૂર્વ જન્મ અને પુનર્જન્મની વાત પણ છે, તો એક બીજી વાત એ પણ છે કે, આત્મા પરમાત્માને સીધી રીતે સ્વીકારી



શકનારા જીવ પૂર્વ જન્મમાં આધ્યાત્મિક સંસ્કારનો વારસો ધરાવતા હોઈ શકે, એવું પણ એક તારણ છે! ઉપરાંત આવાં જીવની સંતતિ સંસ્કારનેં કારણે આ સત્ય સહજતાથી સ્વીકારી શકે! અને એથીય વધુ આપણી પાસે તો શ્રીમદ્ ભગવદ્ ગીતા નામે પ્રુફ પણ છે! કે દરેક પ્રાણી માત્રમાં ઈશ્વર અંશ તરીકે આત્મા છે! નરસિંહને એની અનુભૂતિ થઈ હશે! ત્યારે તો એણે લખ્યું છે કે, "જ્યાં લગી આત્મા તત્વ ચીન્યો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી"! તો આત્માનો અવાજ સાંભળીને આત્મ અંદર બિરાજમાન છે, એ સત્યનો સ્વીકાર કરીને જ આધ્યાત્મ યાત્રામાં પગરણ માંડી શકાય છે. આત્મા છે, એ સત્ય સ્વીકારી લ્યો તો પરમાત્મા છે, એ સ્વીકારવું થોડું સરળ રહે! કારણ કે આટલી મોટી જીવ સૃષ્ટિનું સંચાલન કોઈને કોઈ શક્તિ તો કરી જ રહી છે, પછી તેને તમે ગમે તે નામ આપો, પણ એ છે, એ૧૦૦ ટકાની વાત છે. ઉપરાંત આંતર બાહ્ય પ્રકૃતિનું સંચાલન પણ સફળતા પૂર્વક થાય છે! સમયે સૂર્યોદય અને સમયે સૂર્યાસ્ત! એકમથી પૂનમ સુધી ચંદ્રની કલાનું વધવું ઘટવું! ઋતુઓની આવન જાવન ! આ બધાનું નિષ્પક્ષ થઈને ચિંતન કરીએ, કે કોણ કરે છે આ બધું? જરૂર સત્ય સમજાશે, અને એ નિસ્વાર્થ શક્તિ તરફ પ્રેમ પણ થશે! હવે આંતર પ્રકૃતિની વાત કરીએ તો? ભૂખનો અહેસાસ કોણ કરાવે છે? અને તૃપ્તિનો અહેસાસ પણ કોણ કરાવે છે? સૂવું જાગવું એ માત્ર ક્રિયા નથી! આપણાં કમ્ફર્ટ માટે ઈશ્વરે મુકેલી સુવિધા છે! વ્યવહારમાં ગમો અણગમો ક્રોધ કામ લોભ આ બધા ભાવ શું કામ થાય છે?; કોઈ વગર કારણે શું કામ ગમે છે? ઉગતાં સૂર્ય સામે નિર્વિચાર થઈ બેસવા કે ઉભા રહેવાથી આંખો દિવસ નિર્વિકાર જઈ શકે છે, એ અનુભવ કરવા જેવો ખરો ! અને એ સાબિત કરે છે કે પ્રકૃતિની નિઃસ્વાર્થતા આપણી પર પ્રભાવ પાડે છે, અને વારંવારના આ પ્રયોગથી જીવન નિઃસ્વાર્થતા તરફ પ્રયાણ કરે છે. ઈશ્વરગત ઈતિહાસનાં આપણી પાસે વેદથી શરૂ કરીને ઘણા પ્રમાણ છે, અને એ પણ અભ્યાસનો વિષય છે! એટલે કાં તો સ્વીકાર કરી લેવો પડે અને કાં તો અધ્યયન કરવું પડે, ત્યારે આ સત્ય સમજાય! પણ અધ્યયન કરવાથી અહીં ખતરો છે, કારણ કે જે તે સમયે આ બધા ગ્રંથોની ઉત્પત્તિ થઈ, એ એ કાળ સંદર્ભમાં આપણે મુલવી શકીએ તો જ તેનાં સારને પામી શકીએ! અને તો ગેબ ગેબી નાં પેટાળના રહસ્યો જાણી શકાય! અને આગળ તો ચૌદ બ્રહ્માંડની એ પરમ શક્તિના નિર્ગુણ, નિરાકાર, અને નિર્વિકાર સ્વરૂપનો ભાસ પણ થાય. માનવીની સમસ્યા એ નથી કે આત્મતત્વને સ્વીકારી શકતો નથી, કે પછી પરમાત્માને સ્વીકારી શકતો નથી, પરંતુ એની માટે અત્યારે સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ સાચો ધર્મ કયો છે? અને એ ન સમજી શકવાની એક ભૂલ ને કારણે, હિન્દુ સંસ્કૃતિની આટલી વિશ્વ ફલક પર વિસ્તૃત રીતે ફેલાયેલી હોવા છતાં ડગમગી રહી છે, અને એને કારણે ભારતીય સમાજની દુર્દશા થઈ રહી છે. સતયુગની વાત જવા દઈએ તો ત્રેતામાં એક રામ સામે એક રાવણ, દ્વાપરમાં પાંચ પાંડવ સામે ૧૦૦ કૌરવ અને કળિયુગમાં તો એક સામે લાખો!: આવો રેશિયો નીકળે! એટલે બાકીનું બધું તો સત્ય છે જ, પરંતુ આપણે જે ધર્મને નામે સત્યને મુલવવાનું હતું, ત્યાં આપણે કાચા પડ્યાં, અને એને કારણે ફરી પાછો એકડો ઘૂટવાની કગાર પર આવી ગયાં !એટલે કે આત્મા પરમાત્મા શું એ બધું સાચું છે?' માત્ર ધર્મ પર ચિંતન કરવું પડશે, અને આપણે જે કુળ પરંપરામાં ધર્મ નિભાવી રહ્યા છીએ એ ધર્મ આપણને શું શીખવે છે? એ સત્યસ્થ થઈને મુલવવું પડશે, અને જો એ આપણને માનવ થતા રોકતા હોય, અથવા તો અન્યને પણ કોઈ ઈષ્ટ છે! કે અન્યનું પણ કોઈ સત્ય છે! અન્યને પણ કોઈ ધર્મ છે! એ સ્વીકારવા ન દે તો એવા ધર્મને ગુડ બાય પણ કહેવું પડશે!; પણ આપણી સરળતાનો અન્ય ધર્મ અન્યાર્થ ન કરે એ પણ જોવું રહ્યું. બસ આટલી સીધી વાતને સ્વીકારી લેવાથી જ તન મન શુદ્ધ થવા લાગે છે, અને જીવન પણ સરળ બને છે! સરળતા જ શાંતિ સુધી લઈ જશે! આ પરમ વિશ્વાસને વળગીને આપણે જીવી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. તો આજના દિવસના સૌને સ્નેહ વંદન અને જય સીયારામ.

**પ્રભુના એક અંગનું ચિંતન એનું નામ ધ્યાન, પ્રભુના સર્વાંગનું ચિંતનએ ધારણા દાસ્યભક્તિથી હૃદય જલદી દીન બનશે**

# ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી, જેમ જેમ મન ધ્યાન કરે છે, તેમ તેમ જીવ પરમાત્મામાં લય થાય છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**ઈશ્વરનું ચિંતન ન થાય તો વાંધો નહીં, પણ સંસારનું ચિંતન કરશો નહીં, ઈશ્વરનું ધ્યાન ન થાય તો વાંધો નહીં, પણ સંસારનું ધ્યાન છોડવાની ટેવ પાડજો, ધ્યાન વગર ઈશ્વરના સાક્ષાત્કાર થતો નથી, જેવું પૈસાનું ધ્યાન કરો છો, તેવું પરમાત્માનું ધ્યાન કરવાનું છે, પહેલાં અંધારું દેખાશે, પણ ધૈર્ય સાથે યોગધારણાથી મનને વશ કરવું, પ્રભુના સર્વાંગથી બુદ્ધિ દ્વારા ધારણા કરવી.**

ભારતીય સંસ્કૃતિમાં આરોગ્ય સુખ સમૃદ્ધિ શાંતિની અનુભૂતિ થાય તેવી શુભ ભાવનાથી પ્રસંગો તહેવારો ઉજવણીઓ તિથિ માસ ઋતુ પ્રમાણે એવી ગોઠવણી કરવામાં આવી છે કે જેવી રીતે સવારે નાહવાનું કપડાં ધોવાના ઘરની સફાઈ વસિંદા પોતા કરવા તેવી જ રીતે માનવ હૃદય મન સદા સર્વદા પ્રસન્ન શુદ્ધ રહે જેથી હર પ્રસંગ તહેવાર ઉજવણીઓ કુટુંબ પરિવાર સમાજમાં સારી રીતે થાય.આજે આપણે જોઈએ, મનનો મેલ ધોવા વિરાટ પુરુષનું ધ્યાન કરવાનું છે. વિરાટ પુરુષનું ધ્યાન કરવાનું એટલે કે જગતમાં આજે કાંઈ દેખાય છે તે પરમાત્મા નું સ્વરૂપ છે એમ સમજીને વ્યવહાર કરો. આખું જગત એ વિરાટ પુરુષનું સ્વરૂપ છે. વિરાટ પુરુષનું ધ્યાન કરવા તીવ્ર વૈરાગ્ય ની જરૂર છે.આખું જગત બ્રહ્મરૂપ છે,તેમ માની જ્ઞાનીપુરુષો લલાટ માં બ્રહ્મનાં દર્શન કરે છે. વૈષ્ણવો હૃદયમાં ચતુર્ભુજ દ્વારિકા નાથનાં દર્શન કરે છે. પ્રભુના એક અંગનું ચિંતન એનું નામ ધ્યાન, પ્રભુના સર્વાંગનું ચિંતનએ ધારણા દાસ્યભક્તિથી હૃદય જલદી દીન બનશે. પ્રથમ ભગવત ચરણાર વિંદનું ખૂબ ધ્યાન કરવું.ત્યાર પછી મુખારવિંદનું ધ્યાન કરવાનું છે. તે પછી સર્વાંગનું ધ્યાન.સાધક સાવ ધાન થઈ ધ્યાન કરે, તો સમજાશે કે માયામાં જે શક્તિ છે તે ખોટી છે. ઈશ્વરનું ચિંતન ન થાય તો વાંધો નહીં, પણ સંસારનું ચિંતન કરશો નહીં. ઈશ્વર નું ધ્યાન ન થાય તો વાંધો નહીં,પણ સંસાર નું ધ્યાન છોડવાની ટેવ પાડજો. ધ્યાન વગર ઈશ્વરના સાક્ષાત્કાર થતો નથી. જેવું પૈસાનું ધ્યાન કરો છો,તેવું પરમાત્માનું ધ્યાન કરવાનું છે. પહેલાં અંધારું દેખાશે,પણ ધૈર્ય સાથે યોગધારણા થી મનને વશ કરવું, પ્રભુના સર્વાંગ થી બુદ્ધિ દ્વારા ધારણા કરવી. જેમ જેમ બુદ્ધિ સ્થિર થશે, તેમ તેમ મન સ્થિર થશે. ધારણા સ્થિર થાય, ત્યારે ધ્યાનમાં પ્રભુનું મંગલ મય સ્વરૂપ દેખાય છે અને ભક્તિ યોગ ની પ્રાપ્તિ થાય છે. દયાનમાં મન સ્થિર ન થાય તો તેને મરણની બીક બતાવજો.તેથી તે સ્થિર થશે.મનને સમજાવજો, પટાવજો, છેવટે ધમકાવજો. એકનાથ મહારાજને એક વૈષ્ણવે પૂછ્યું કે, તમારું મન ઈશ્વરમાં સ્થિર થાય છે, સદાસર્વદા તમારું મન શ્રીકૃષ્ણમાં સ્થિર કેમ રહે છે? તમારું મન ચોવીસે કલાક પ્રભુમાં સ્થિર છે,ને મારું મન અર્ધો કલાક પણ પ્રભુમાં સ્થિર થતું નથી, માટે મનને સ્થિર કરવાનો કાંઈ ઉપાય બતાવો. એકનાથ મહારાજે કહ્યું, એ વાત હમણાં જવા દે.હમણાં તો એક મહત્ત્વની વાત મારે તને કહેવી છે અને તે એ કે તારું મૃત્યુ નજીક છે. મરતાં પહેલાં વેર અને વાસનાનો ત્યાગ કર. વેર અને વાસના મરણને બગાડે છે. જા, સાત દિવસ પછી તું



મારી પાસે આવજે પેલા વૈષ્ણવના તો મૃત્યુનું નામસાંભળ્યું કે હોશકોશ ઊડી ગયા. ઘરે જઈ તરત ધનની પુત્રોને સોંપણી કરી દીધી.સર્વની ક્ષમા યાચના માગી.ઈશ્વરનું ધ્યાન કરવા લાગ્યો.સાત દિવસ પછી તે એક નાથ મહારાજ પાસે આવ્યો. મહારાજે પૂછ્યું, બોલ, આ સાત દિવસ તેં શું કર્યું? વૈષ્ણવ ઉત્તર આપે છે, મને તો મરણની બીક એવી લાગી કે, હું તો સર્વ છોડીને ઈશ્વરના ધ્યાનમાં જ લાગી ગયો. એકનાથ મહારાજે કહ્યું, બસ, તો મારી એકાગ્રતાનું પણ એ જ રહસ્ય છે. હું મૃત્યુને રોજ યાદ રાખું છું. હું મૃત્યુની બીક રાખી સતત ઈશ્વરભજન કરું છું, એટલે મારું મન સર્વ વિષયોમાંથી હટી જાય છે અને મારું મન સદા સર્વદા શ્રીકૃષ્ણમાં એકાગ્ર રહે છે. પરમાત્માનું ધ્યાન કરતાં જીવ ઈશ્વરમાં મળી જાય.ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય. ધ્યાતા. ધ્યાન અને ધ્યેય ત્રણે એક થઈ જાય. આજ મુક્તિ, આજ શુદ્ધ અદ્વૈત. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થવાં જોઈએ. તે એક થાય તો સમજવું કે, ધ્યાનમાં અને દર્શનમાં એકતાન તા થઈ. એક્સાનતા થઈ એટલે તેને ઈશ્વર સિવાય બીજું કાંઈ દેખાતું નથી. લોકો ઈશ્વરને આપે છે ધન, પરંતુ પરમાત્મા તો સૌની પાસે માગે છે મન. વ્યવહાર કરો, પણ ઈશ્વરમાં મન રાખી વ્યવહાર કરવો. પનિહારીઓ પાણીનાં બેડાં ભરીને રસ્તેથી ઘરે આવતી હોય. ત્યારે રસ્તામાં તેઓ એક બીજી સાથે વાતો કરતી હોય છે પણ વાતચીતમાં તેઓનું ધ્યાન સતત માથા ઉપરનાં બેડાં ઉપર જ હોય છે.આવી રીતે સંસારના વ્યવહારો ઈશ્વરનું સ્મરણ રાખીને કરો. ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ પામવા ગઈ. તે સાગરમાં વિલીન થઈ ગઈ. પાછી ન જ બાવી. તે સાગર સાથે મળી ગઈ તેમ ઈશ્વર માં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જેમ જેમ મન ધ્યાન કરે છે, તેમ તેમ જીવનો લય પરમાત્મામાં થાય છે. પછી જીવમાં જીવપણું રહેતું નથી.ભાગવતમાં જ્ઞાનમાર્ગ અને ભક્તિ માર્ગ બંને બતાવ્યા છે. જ્ઞાનમાર્ગમાં જીવ ઈશ્વરમય સાથે એક થાય છે, ઈશ્વરમાં મળી જાય છે, ત્યારે વૈષ્ણવાચાર્યો થોડું દ્વૈત રાખીને દ્વૈત માને છે. ભક્તિનો આરંભ ભલે દ્વૈતથી થાય, પણ તેની સમાપ્તિ અદ્વૈતમાં થાય છે. ભક્ત અને ભગવાન જુદા રહી શતા નથી. જે જીવ ભગવાનમાં મળી ગયો તેને પછી ભગવાન પોતાના સ્વરૂપથી અલગ કરી શકતા નથી. ઈશ્વર રસરૂપ છે. જે બ્રહ્મરસમાં ડૂબી ગયો, જે બ્રહ્મરૂપ થયો તે પછી પરમાત્માના રસાત્મક સ્વરૂપનો અનુભવ કરી શકતો નથી. જીવ બ્રહ્મરૂપ થાય એટલે દુઃખ નિવૃત્તિ તો થાય છે, પણ આનંદનો અનુભવ થતો નથી. બ્રહ્મ જે રસાત્મક છે, આનંદાત્મક છે તેનો અનુભવ લેવા તેણે થોડું અલગ રહેવું પડે. થોડું દ્વૈત રાખવું પડે. તેથી ભક્ત કહે છે કે, હું મારા ભગવાનનો અંશ છું, હું મારા ભગવાનની ગોપી છું, મારે પરમાત્મા સાથે એક થવુંનથી મારે પરમાત્માની સેવા કરવી છે. ભક્ત જ્યારે લૌકિક દેહ છોડી અપ્રાકૃત શરીર ધારણ કરી ગો લોક ધામમાં પ્રવેશ કરે છે ત્યારે ભગવાનને આનંદ થાય છે કે મારો અંશ મને મળવા આવ્યો.ભકિત કરતાં તુકારામ પાંડુરંગ બની ગયા. પણ તુકારામ કહે છે,કીર્તન કરવા માં મને આનંદ આવે છે તે પાંડુરંગ થવામાં નથી. જીવ ઈશ્વરથી જુદો રહે,તો તે રસનો અનુભવ કરી શકે છે.વૈષ્ણવાચાર્યો જીવ ઈશ્વર થી થોડો અલગ હે તેમ ઈચ્છે છે. ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરીરૂપ બની જાય છે, તેજ પ્રમાણે જીવ બ્રહ્મનું ચિંતન કરતાં બ્રહ્મરૂપ બની જાય છે. આ થઈ કૈવલ્ય મુક્તિ,પણ વૈષ્ણવો આવી કેવલ્ય મુક્તિ ઈચ્છતા નથી તેઓ ઈશ્વરની પૂજા-સેવા કરવા માટે અને તેનો રસાસ્વાદ માણવા માટે થોડું દ્વૈત રાખે છે. જે વ્યાપક બ્રહ્મમાં લીન થયો તે તેમાંથી કેમ છૂટો પડી શકે? પાણીમાં સર્વ રીતે ડૂબી ગયેલો મને પાણીનો સ્વાદ લઈ શકતો નથી, તેવી રીતે જીવ ઈશ્વર ડૂબી ગયા પછી જીવ ઈશ્વરના સ્વરૂપ નો રસાનુભાવ કરી શકતો નથી. માટે વૈષ્ણવ મહાપુરુષો થોડું દ્વૈત રાખી ભગવાનની સેવા-સ્મરણમાં કૃતાર્થતા અનુ ભવે છે.આ બંને સિદ્ધાંતો સત્ય છે. ખંડન મંડનની ભાંજગડમાં પડશો નહીં. ગૌરાંગ પ્રભુ પણ ભેદાભેદભાવમાં માને છે.લીલામાં ભેદમાને છે, પરંતુ તત્ત્વદષ્ટિથી અભેદ છે. અભિન્ન હોવા છતાં સૂક્ષ્મભેદ છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે આપણે સૌ દિવાળી નૂતનવર્ષની ઉજવણી કરવા માટે સજ્જ થઈ રહયા છીએ શિવ ઉપાસના આરાધના અભિષેક તપ બાદ પિતૃ તર્પણ શ્રાધ્ધ ભાદરવી પૂનમનો મા અંબે શક્તિને નવલાં નોરતાંમાં રમવા આવવા આમંત્રણ,આ વર્ષે દશ દિવસ નવલાં નોરતાંની રમઝટ બોલાવી અને હવે આસો માસો શરદ પૂનમની રાતની તાલાવેલી સાથે દિવાળી તહેવારોની ગૃહ સુશોભનની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે.. ત્યારે હૃદય મનને પણ શુદ્ધ પ્રફુલ્લિત બનાવીએ તેવી આશા સહ અસ્તુ.

### ફિલ્મની રિલીઝ વિશે કોઇ ઘોષણા કરવામાં આવી નથી

# દશેરાના દિવસે નવી ફિલ્મ વનવાસની ઘોષણા

## ફિલ્મમાં નાના પાટેકર, ખૂશૂ સુંદર, ઉત્કર્ષ શર્મા અને અશ્વિની કાલસેકર સહિત અન્ય સિતારાઓ

અમિલ શર્માએ પોતાની આગામી ફિલ્મ વનવાસની ઘોષણા કરી છે. આ ફિલ્મને તે કલિયુગની રામાયણ કહે છે જેમાં પોતાના જ પોતાનાને વનવાસ આપે છે. આ ફિલ્મમાં નાના પાટેકર, ખૂશૂ સુંદર, ઉત્કર્ષ શર્મા, રાજપાલ યાદવ, સિમરત કૌર રંધાવા, મનીષ વાધવા અને અશ્વિની કાલસેકર સહિત અન્ય સિતારાઓ જોવા મળશે. જોકે ફિલ્મની રિલીઝ વિશે કોઈ ઘોષણા કરવામાં આવી નથી. વનવાસ ફિલ્મ પર વાત કરતાં દિગ્દર્શકે જણાવ્યું હતું કે, રામાયણ અને વનવાસ એક અલગ જ વાર્તા છે. જ્યાં સંતાનો પોતાના માતા-પિતાને વનવાસ આપે છે. આ કળિયુગનું રામાયણ છે. આ ફિલ્મમાં નાના પાટેકર, ખૂશૂ સુંદર, ઉત્કર્ષ શર્મા અને અશ્વિની કાલસેકર સહિત અન્ય સિતારાઓ જોવા મળશે જ્યાં પોતાના જ પોતાનાઓને વનવાસ આપે છે. ફિલ્મસર્જક અનિલ શર્મો સોશિયલ મીડિયાપર એક વીડિયો શેર કરીને વનવાસ ફિલ્મની ઘોષણા કરી છે. તેણે ફિલ્મનું પ્રથમ લુક શેર કરીને લખ્યું છે કે, કહાની જિંદગી.... કી.... કહાની જજ્બાત કી. કહાની અપનોંકે વિશ્વાસ કી, પૂરે પરિવાર સંગ દેખિયે પરિવાર કી ફિલ્મ વનવાસ.વીડિયોમાં રામ રામ ગીત વાગતું પણ સાંભળવા મળે છે.




### એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર માટે વર્ષ ૨૦૨૪ ઘણું લકી રહ્યું છે

# શ્રદ્ધાએ પોતાનું રિલેશનશિપ કર્યું કન્ફર્મ!

## મને મારા પાર્ટનર સાથે સમય વિતાવવો અને મૂવી જોવાનું, ડિનર માટે બહાર જવું કે ટ્રાવેલ કરવું ગમે છે

બોલિવૂડ ઈન્ડસ્ટ્રીની પોપ્યુલર એક્ટ્રેસ શ્રદ્ધા કપૂર માટે વર્ષ ૨૦૨૪ ઘણું લકી રહ્યું છે. વાસ્તવમાં, આ વર્ષે સિનેમાઘરોમાં રિલીઝ થયેલી તેની ફિલ્મ 'સ્ત્રી ૨' એ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડ્યા અને ૬૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી. ફિલ્મની સક્સેસનો આનંદ માણતી વખતે શ્રદ્ધા કપૂરે પોતાના રિલેશનશિપને કન્ફર્મ કર્યું છે. શ્રદ્ધા કપૂરે હમણાંના એક લેટેસ્ટ ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે તેને પોતાના પાર્ટનર સાથે સમય પસાર કરવો ગમે છે. આ સાથે જ શ્રદ્ધા કપૂરે લગ્ન વિશે પણ ખુલીને વાત કરી છે. ચાલો જાણીએ અભિનેત્રીએ શું કહ્યું.કોસ્મોપોલિટન સાથે વાત કરતી વખતે, શ્રદ્ધા કપૂરે કહ્યું કે તેણે તેના રિલેશનને કન્ફર્મ કર્યું છે. જોકે તેણે કોઈનું નામ લીધું નથી. શ્રદ્ધા કપૂરે કહ્યું, 'મને મારા પાર્ટનર સાથે સમય વિતાવવો અને મૂવી જોવાનું, ડિનર માટે બહાર જવું કે ટ્રાવેલ કરવું ગમે છે.' એક્ટ્રેસે આગળ જણાવ્યું કે, 'હું સામાન્ય રીતે એક એવી વ્યક્તિ છું કે જેને સાથે મળીને કંઈક કરવાનું પસંદ હોય છે અથવા સાથે કંઈ કરવાનું પસંદ નથી કરતી.' શ્રદ્ધા કપૂરને પૂછવામાં આવ્યું કે શું તે લગ્નમાં માને છે? આના પર તેણે કહ્યું, 'તે લગ્નમાં વિશ્વાસ કરવા વિશે નથી કહી શકતી પણ યોગ્ય વ્યક્તિ હોવા અને યોગ્ય પાર્ટનર સાથે રહેવા વિશે છે. જો કોઈ લગ્ન કરવા માંગે છે, તો તે સારું છે, પરંતુ જો તેઓ લગ્ન કરવા માંગતા નથી, તો તે પણ એટલું જ યોગ્ય છે.'જણાવી દઈએ કે, અગાઉ શ્રદ્ધાનું નામ તેના રુમર્ડ બોયળેન્ડ રાહુલ મોદી સાથે નામ જોડાયું હતું. રાહુલ મોદીના સાથેના તેના સંબંધની સત્તાવાર જાહેરાત પણ કરી હતી. એક સેલ્ફી શેર કરતી વખતે તેણે સ્માઈલી અને રમુજી ઈમોજીસ સાથે કેપ્શનમાં લખ્યું હતું કે, 'દિલ રખલે નિંદ તો વાપસ દે દે યાર'. તેણે આ પોસ્ટ માટે ફિલ્મ 'ઈશ્ક'નું ગીત 'નીંદ ચુરાઈ મેરી' પસંદ કર્યું હતું.



### એક્ટ્રેસ સુરભિ ચંદનાનાએ કહ્યું- રોજ રાતે રડતી હતી

# ૧૩ વર્ષ સુધી ડેટ કર્યા બાદ લગ્ન કરીને પસ્તાઈ જાણીતી અભિનેત્રી



## ટીવિની પોપ્યુલર એક્ટ્રેસ સુરભિ ચંદનાના લગ્નને સાત જેટલા મહિના વિતી ચૂક્યા છે

ટેલિવિઝનની પોપ્યુલર એક્ટ્રેસ સુરભિ ચંદનાના લગ્નને સાત મહિના વિતી ચૂક્યા છે. ૨ માર્ચ ૨૦૨૪ના રોજ એક્ટ્રેસ બોયળેન્ડ કરણ શર્મા સાથે લગ્નના બંધનમાં બંધાઈ હતી. પરંતુ વૈવાહિક જીવન કંઈ ખાસ ન વીત્યું. તાજેતરમાં 'કપલ ઓફ થિંગ્સ' પોડકાસ્ટમાં સુરભિએ જણાવ્યું કે, છેક હવે હું વૈવાહિક જીવનમાં નોર્મલ થઈ શકી છું.બે મહિના સુધી રોજ રાતે રડતી હતીસુરભિએ જણાવ્યું કે, જ્યારે મારા કરણ સાથે લગ્ન થયા ત્યારે હું બે મહિના સુધી રોજ રાતે રડતી હતી. એવી કેટલીયે રાતો મેં રડીને વિતાવી છે. અમે ૧૩ વર્ષ સુધી ડેટ કર્યા બાદ લગ્ન કર્યા. આ દરમિયાન ઘણા ઉતાર-ચઢાવ પણ જોયા પરંતુ જ્યારે અમે લગ્ન બાદ સાથે રહેવા લાગ્યા ત્યારે ખબર પડી કે ડેટિંગ અને વૈવાહિક જીવન ખૂબ અલગ હોય છે. હું લગ્ન બાદ કંઈ પણ મેનેજ નહોતી કરી શકતી. મમ્મી-પપ્પાના ઘરે બધું જ મમ્મી-પપ્પા સંભાળી લેતા હતા. મારે કંઈ વધારે મેનેજ નહોતું કરવું પડતું. પરંતુ લગ્ન બાદ એકલા કેવી રીતે મેનેજ કરવું તેની મને ખબર નહોતી. હું રોજ રાતે એટલા માટે પણ રડતી હતી કારણ કે, મને મમ્મી-પપ્પા વિના રહેવાની ટેવ નહોતી અને મને મારા ઘરના લોકોની ખૂબ યાદ આવતી હતી.એક્ટ્રેસે આગળ કહ્યું કે, કરણે મને હંમેશા સંભાળી છે. જ્યારે હું રડતી હોવ ત્યારે તે મને શાંત પાડતો અને મને મારા પેરેન્ટ્સને મળવા લઈ જતો હતો. હવે બધું નોર્મલ થઈ ગયું છે. હવે હું બધું મેનેજ કરી લઉં છું પરંતુ શરૂઆતમાં લાગ્યું હતું કે મેં લગ્ન કેમ કર્યા.


# અભિનેત્રી મલ્લિકા શેરાવતે સલમાન ખાન સાથે કર્યું ફ્લર્ટ

## સુપરસ્ટાર સલમાનનો રિયાલિટી શો 'બિગ બોસ ૧૮' થોડા દિવસ પહેલા જ શરૂ થયો છે, આ ફેમસ ટીવી શોને દર્શકોનો સારો પ્રતિસાદ

સુપરસ્ટાર સલમાન ખાનનો રિયાલિટી શો 'બિગ બોસ ૧૮' થોડા દિવસ પહેલા જ શરૂ થયો છે. આ ફેમસ ટીવી શોને દર્શકોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. 'બિગ બોસ ૧૮'નો વીકેન્ડ વોર એપિસોડ આજે આવવાનો છે. આ એપિસોડમાં મલ્લિકા શેરાવત પણ જોવા મળશે. નિર્માતાઓએ એક પ્રોમો શેર કર્યો છે, જેમાં મલ્લિકા શેરાવત સલમાન ખાન સાથે ફ્લર્ટ કરતી જોવા મળે છે. વીડિયોને ઘણો પસંદ કરવામાં આવી રહ્યો છે.'બિગ બોસ ૧૮'નો પ્રોમો કલર્સ ટીવીના ઓફિશિયલ ઈન્સ્ટા હેન્ડલ પર શેર કરવામાં આવ્યો છે. જેમાં જોઈ શકાય છે કે મલ્લિકા શેરાવત શોમાં એન્ટ્રી કરે છે અને સલમાન ખાન તેને જોઈને ખુશ થઈ જાય છે. આ દરમિયાન મલ્લિકા ઓરેન્જ કલરના લહેંગામાં ખૂબ જ સુંદર લાગી રહી છે. જ્યારે સલમાન ખાન બ્લુ જેકેટ, બ્લેક શર્ટ અને જીન્સમાં હેન્ડસમ લાગી રહ્યો છે.મલ્લિકા શેરાવતે સલમાન ખાનને કહ્યું, 'તમે અને હું



મારી આંખોમાં જુઓ, સલમાન, તમને આગ લાગી જશે'. મલ્લિકા શેરાવતે સલમાનને ભારતનો મોસ્ટ એલિજિબલ બેચલર ગણાવ્યો હતો. તે કહે છે, સુપરસ્ટાર સલમાન ખાનનો રિયાલિટી શો 'બિગ બોસ ૧૮' થોડા દિવસ પહેલા જ શરૂ થયો છે 'તું મારી આંખોમાં છે, મારા દિલમાં.' આ પછી પ્રોમોમાં મલ્લિકા અને સલમાનના ડાન્સની ઝલક પણ જોવા મળે છે. વીડિયોના અંતમાં મલ્લિકા શેરાવત સલમાન ખાનના ગાલ પર કિસ કરતી જોવા મળે છે.મલ્લિકા શેરાવત રિયાલિટી શો 'બિગ બોસ ૧૮'માં તેની ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'નું પ્રમોશન કરતી જોવા મળશે. આમાં તેણે ચંદાનું પાત્ર ભજવ્યું છે. દરમિયાન, ફિલ્મમાં રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. બે વર્ષ બાદ મલ્લિકા શેરાવતે ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો'થી કમબેક કર્યું છે. આ ફિલ્મ ૧૧ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ છે. બે દિવસમાં ફિલ્મે બોક્સ ઓફિસ પર ૧૨ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.



### બિગબોસ ફેમ સ્ટારનો મૂડ બદલાતા આપ્યો જવાબ

# હેલન નેલ્સનનો પ્રાઈવેટ વિડિયો લીક થયા બાદ હેલન નેલ્સન ટ્રોલ થઈ


## એક્ટ્રેસ ઓવિયા તમિલ અને મલયાલમ સિનેમાની જાણીતી એક્ટ્રેસ છે

એક્ટ્રેસ ઓવિયા તમિલ અને મલયાલમ સિનેમાની જાણીતી એક્ટ્રેસ છે. તેનું અસલી નામ હેલન નેલ્સન છે, જોકે તેણે પોતાના કરિયરની શરૂઆત પૃથ્વીરાજ સુકુમારનની મલયાલમ ફિલ્મ 'કાંગારૂ'થી કરી હતી. જ્યારે તેણે ૧૦ વર્ષ પછી 'બિગ બોસ તમિલ ૧'નો જવાનો મોકો મળ્યો, ત્યારે તેની ફેમ ડબલ થઈ ગઈ હતી. ત્યારે આ શોને કમલ હાસને હોસ્ટ કર્યો હતો. હવે એક્ટ્રેસ તેના એક પ્રાઈવેટ વીડિયોના કારણે ચર્ચામાં છે. ઈન્ટરનેટ પર વાયરલ થયેલી ક્લિપમાં એક્ટ્રેસ વાંધાજનક સ્થિતિમાં જોવા મળે છે. ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે દાવો કર્યો છે કે આ ડીપફેક વીડિયો છે. જ્યારે ઓવિયા અથવા તેની ટીમ આ વિવાદાસ્પદ મામલામાં સીધી ટિપ્પણી કરવાનું ટાળી રહી છે. તેણીએ ૧૨ ઓક્ટોબર, શનિવારના રોજ ઈન્સ્ટાગ્રામ પર પોતાનો એક ફોટો શેર કરી, તો આ પોસ્ટની કોમેન્ટમાં એક નેટીઝને તેને ટ્રોલ કરવાનો પ્રયત્ન કર્યો અને તેણે તેના અંગત વિડીયોનું લાંબુ વર્ઝન શેર કરવા કહ્યું. એક્ટ્રેસએ તેને યોગ્ય જવાબ આપ્યો અને લખ્યું, 'નેક્સ્ટ ટાઈમ બ્રોપ' જો કે, તેણે તેના ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટ પર કોમેન્ટ સેકશનને બંધ કરી દીધો છે. કોમેન્ટના સ્ક્રીનશોટ પહેલેથી જ ઠ પર વાયરલ કરવામાં આવી રહ્યા છે.ઓવિયાએ ૨૦૦૯માં ફિલ્મ 'નલાઈ નમધે'થી તમિલ સિનેમામાં ડેબ્યૂ કર્યુ હતું. ત્યારપછી તે 'સિલાનુ ઓરુ સાંદિપ્પુ', 'યામિરુક્કા બયામી', 'હેલો નાન પેઈ પેસુરેન', 'મુથુક્કુ મુથાગા' અને 'ગણેશ મીંદુમ સાંથીપોમ' જેવી ઘણી ફિલ્મોનો ભાગ રહી ચુકી છે. એક્ટ્રેસ છેલ્લે ૨૦૨૪ માં આવેલી તમિલ કોમેડી ડ્રામા બૂમર અંકલમાં જોવા મળી હતી, જેમાં તેણે ખાસ ભૂમિકા ભજવી હતી. તમને જણાવી દઈએ કે ઓવિયાએ પોતાના કરિયરની શરૂઆતમાં મલયાલમ ફિલ્મોમાં રમતગમતની ભૂમિકાઓ ભજવી હતી. તેણે 'કાંગારૂ' (૨૦૦૭) સિવાય 'પુથિયા મુખમ' (૨૦૦૯), 'અપૂર્વ' (૨૦૦૮) જેવી ફિલ્મો કરી. 'કાલાવણી' (૨૦૧૦) માટે ડિરેક્ટર સરગુનમ દ્વારા તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો. તેના ઓનલાઈન ફોટા જોયા બાદ ડિરેક્ટરે તેને લીડ રોલ માટે સિલેક્ટ કરી હતી.



### મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં

# બાબા સિદ્દીકીની હત્યાથી બોલિવૂડ થયું શોકમગ્ન




## ૧૨ ઓક્ટોબરની રાત્રે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરાઈ હતી

૧૨ ઓક્ટોબરની રાત્રે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને NCP નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. ગોળી વાગ્યા બાદ તરત જ તેને મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતાં, જ્યાં ડોક્ટરે તેના મૃત્યુની પુષ્ટિ કરી હતી. બાબા સિદ્દીકી બોલિવૂડ સ્ટાર્સની ખૂબ નજીક માનવામાં આવતા હતા. તેની હત્યાથી સમગ્ર બોલિવૂડ આઘાતમાં છે. સલમાન ખાન, શિલ્પા શેટ્ટી, સંજય દત્ત, રાજ કુન્દ્રા, પ્રિયા દત્ત જેવી બોલિવૂડ અને રાજનીતિની ઘણી મોટી હસ્તીઓ તેમને જોવા હોસ્પિટલ પહોંચી હતી. રિતેશ દેશમુખે ઠ પર કમેન્ટ કરીને બાબા સિદ્દીકીના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો. તેણે પોતાની પોસ્ટમાં લખ્યું છે કે, 'બાબા સિદ્દીકીની હત્યાથી હું ખૂબ જ દુઃખી અને ઊંડો આઘાત અનુભવું છું. ભગવાન આ મુશ્કેલ સમયમાં તેમના પરિવારને સાથ આપે અને આ હત્યાના આરોપીઓને સખતમાં સખત સજા મળે.ભૂતપૂર્વ લોકસભા સભ્ય અને અભિનેતા સંજય દત્તની બહેન પ્રિયા દત્તે સોશિયલ મીડિયા પર પોતાનું દુઃખ શેર કર્યું છે. ૧૨ ઓક્ટોબરની રાત્રે મહારાષ્ટ્રના પૂર્વ મંત્રી અને નેતા બાબા સિદ્દીકીની ગોળી મારીને હત્યા કરાઈ હતી 'આજે હું બાબા સિદ્દીકીના દુઃખદ અવસાનથી ખૂબ જ હચમચી ગઈ છું. આ ઘટનાથી મને આઘાત લાગ્યો છે. તેઓ રાજકીય સાથી કરતાં વધુ હતા; તે મારો પરિવાર હતો. મારા પિતા માટે બાબા સિદ્દીકી એક પુત્ર સમાન હતા અને મારા માટે તેઓ એક ભાઈ અને પ્રિય મિત્ર હતા. તેઓ તેમના સમગ્ર રાજકીય પ્રવાસમાં અને તે પછી પણ મારા પિતાની પડખે મક્કમતાથી ઊભા રહ્યા. જ્યારે મેં રાજનીતિમાં પ્રવેશી, ત્યારે તેમણે મને ઉતાર-ચઢાવમાં માર્ગદર્શન આપ્યું અને તેમનો અતૂટ ટેકો આપ્યો. તેમની વિદાય પરિવારના કોઈ સભ્યની વિદાય જેવી અનુભૂતિ થાય છે. ભાભી જીશાન અને અર્શિયા માટે મારું દિલ દુઃખે છે'. શિલ્પા શેટ્ટી, રાજ કુન્દ્રા, વીર પહાડિયા, સલમાન ખાન ગઈકાલે રાત્રે લીલાવતી હોસ્પિટલ પહોંચ્યો હતો. હોસ્પિટલથી બહાર નીકળતી વખતે શિલ્પા શેટ્ટી પોતાની કારમાં ભાવુક જોવા મળી હતી. તેના મિત્રના ગયા પછી શિલ્પા શેટ્ટી પોતાની જાત પર કાબૂ રાખી શકી નહીં અને તે ભાંગી પડી.

# અનન્યા પાંડેએ પોતાના બાળપણના કિસ્સાઓ રજૂ કર્યા

## હું, સુહાના ખાન અને શનાયા કપૂર અવારનવાર અમારા રૂટિનના વીડિયો રેકોર્ડ કરતાં હતાં : અનાયા પાંડે



ચંકી પાંડેની દિકરી અને એક્ટ્રેસ અનન્યા પાંડેએ તાજેતરમાં પોતાનો એક ભૂતકાળનો કિસ્સો યાદ કરતાં કહ્યું છે કે, તે અને શાહરૂખ ખાનનો પુત્ર આર્યન ખાન બાળપણમાં ખૂબ ઝઘડતા હતા. અને તેમાં આર્યન ખાને ઘણીવખત તેને વિવિધ પ્રકારની ધમકીઓ પણ આપી હતી, જેમાંની એક ધમકી તેનો વીડિયો લીક કરવાની પણ હતી.યુટ્યુબર અને એક્ટર તનમય ભટ્ટ સાથે પોતાના બાળપણના કિસ્સાઓ રજૂ કરતાં અનન્યાએ જણાવ્યું હતુ કે, બાળપણથી હું, આર્યન ખાન અને સુહાના ખાન ખૂબ સારા મિત્રો છીએ. અમે બાળપણમાં ખૂબ લડતાં-મસ્તી કરતાં હતા. મને અને સુહાનાને વીડિયો રેકોર્ડ કરવાનો શોખ હતો. હું દિવસભર શું કરૂ છુ, શું જમુ છું, તેના વીડિયો રેકોર્ડ કરતી હતી. પરંતુ ક્યારેય પોસ્ટ નહોતી કરતા. હું, સુહાના ખાન અને શનાયા કપૂર અવારનવાર અમારા રૂટિનના વીડિયો રેકોર્ડ કરતાં હતાં. તો આર્યન અમને ધમકી આપતો હતો કે, જો અમે તેનું કામ નહીં કરીએ તો તે અમારા વીડિયો લીક કરી દેશે. અનન્યાએ અન્ય એક કિસ્સો જણાવ્યો હતો કે, બાળપણમાં અમે ખૂબ મસ્તી કરતાં હતાં. આ મારી રેન્ડમ ટ્રોમા સ્ટોરી છે. એક વખત ભૂલથી મારાથી સુહાનાનો ફોન નંબર લીક થઈ ગયો હતો. તે સુહાનાને ફેસટાઈમ કરી રહી હતી. પરંતુ એક્ટ્રેસે ફોન ન ઉઠાવતાં અનન્યાએ ફેસટાઈમનો સ્ક્રિનશોટ પાડી ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી દીધો હતો. જેમાં તે સુહાનાનો ફોન નંબર બ્લર કરવાનુ ભૂલી ગઈ હતી. અને તેનો નંબર લીક થઈ ગયો હતો. હું, સુહાના ખાન અને શનાયા કપૂર અ વા ર - ન વા ર અમારા રૂટિનના વીડિયો રેકોર્ડ કરતાં હતાં : અનાયા પાંડે ત્યારે સુહાનાએ મને જણાવ્યું હતું કે, તેનો ફોન કોઈએ હેક કરી લીધો છે. અનન્યાની હાલમાં જ સીટીઆરએલ રિલિઝ થઈ હતી. અગાઉ 'કોલ મી બે' વેબ સિરિઝમાં જોવા મળી હતી. બંને સિરિઝ નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થઈ રહી છે.



**'આર્યન ખાન અમને ધમકી આપતો...'**

# ઉજવણી અન્વયે નવસારી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડલ ફાર્મ ખાતે પ્રેરણા પ્રવાસ અને તાલીમ યોજાઇ

## પ્રેરણા પ્રવાસ અને તાલીમ દ્વારા પ્રભાવીત થઇ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઉત્સાહ બતાવ્યો



I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

સમગ્ર રાજ્યમાં ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી અન્વયે અવનવા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. આ ઉજવણીમાં નવસારી જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ નવસારી તથા જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનને અનુલક્ષીને તમામ તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડલ ફાર્મ ખાતે જિલ્લાના અન્ય ખેડૂતોના પ્રેરણા પ્રવાસ અને તાલીમ યોજાઇ રહી છે. આ કાર્યક્રમ અન્વયે ખેરગામ તાલુકાના વાવ મોડેલ ફાર્મની વિઝિટ કરાવવામાં આવી હતી. જેમાં નાધાઈ નારણપુરાના ૫૭ બહેનો તાલીમમાં જોડાયા હતા. વાંસદા તાલુકામાં સિંણધઈ ગામ ખાતે ખેડૂત નીરુબેન પી. પટેલના મોડલ ફાર્મ ખાતે ૩૪-બહેનો ૨૩-ખેડૂત ભાઈઓ, ગણદેવી તાલુકામાં કલમઠા ગામે સુમનભાઈ પટેલના મોડલ ફાર્મ ખાતે કુલ-૪૫ ખેડૂત મહિલાઓ, જલાલપોર તાલુકામાં ભાઠા ગામે મોડલ ફાર્મ પાર્વતીબેન ધીરૂભાઇ પટેલને ત્યા તાલીમમાં ૪૨ બહેનો અને ૦૯ ખેડુત ભાઈઓ, તથા ચીખલી તાલુકામાં રૂમલા ગામે બીપીનભાઈ પટેલના મારૂતી મંથન મોડેલ ફાર્મ ખાતે ૨૬ બહેનો અને ૨૩ ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહી પ્રાકૃતિક ખેતીથી પ્રેરણા મેળવી હતી. અત્રે નોંધનિય છે કે, નવસારી જિલ્લો સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તે માટે આત્મા પ્રોજેક્ટ નવસારી તથા જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. આ પ્રકારના પ્રેરણા પ્રવાસ થકી ખેડૂતો પોતે ખેતરમાં પાક અને અન્ય વ્યવસ્થાને નીહાળી તેમાંથી સીખ મેળવી શકે છે. આ કાર્યક્રમમાં મોડેલ ફાર્મર્સ, ખેતીવાડી વિભાગ અને આત્મા વિભાગના અધિકારી-કર્મચારીઓ દ્વારા ખેડૂતોને ૧૦૦ પ્રતિશત પ્રાકૃતિક ખેતી કરતા સફળ ખેડૂતોએ ગાય આધારિત ખેતીના ફાયદા, પ્રકૃતિમાં રહેલ ઔષધી અને હેલ્થ ફાર્મિંગ વિશે વિગતવાર જાણકારી આપવામાં આવી હતી. ઉપરાંત અન્ય ખેડૂતોને પોતાના અનુભવો જણાવી પ્રાકૃતિક ખેતીની પ્રક્રિયા, બિયારણ, વાવણી, ખાતર અને જંતુ નિયંત્રણ વિશેની વિગતવાર માહિતી આપી, સાથે જ પ્રાકૃતિક ખેતીથી ઉત્પન્ન થયેલ ઉત્પાદનોના વેચાણ અને મૂલ્યવર્ધન વિશે પણ વિશેષ માર્ગદર્શન આપ્યું હતું. પ્રેરણા પ્રવાસ અને તાલીમ દ્વારા પ્રભાવીત થઈ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઉત્સાહ બતાવ્યો હતો.

પ્રેરણા પ્રવાસ અને તાલીમ દ્વારા પ્રભાવીત થઈ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી તરફ વળવા ઉત્સાહ બતાવ્યો - સમગ્ર રાજ્યમાં ''વિકાસ સપ્તાહ''ની ઉજવણી અન્વયે અવનવા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. આ ઉજવણીમાં નવસારી જિલ્લામાં આત્મા પ્રોજેક્ટ નવસારી તથા જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા પ્રાકૃતિક કૃષિની તાલીમનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાનને અનુલક્ષીને તમામ તાલુકાઓમાં પ્રાકૃતિક ખેતીના વિવિધ મોડલ ફાર્મ ખાતે જિલ્લાના અન્ય ખેડૂતોના પ્રેરણા પ્રવાસ અને તાલીમ યોજાઇ રહી છે. આ કાર્યક્રમ અન્વયે ખેરગામ તાલુકાના વાવ મોડેલ ફાર્મની વિઝિટ કરાવવામાં આવી હતી. જેમાં નાધાઈ નારણપુરાના ૫૭ બહેનો તાલીમમાં જોડાયા હતા.

વાંસદા તાલુકામાં સિંણધઈ ગામ ખાતે ખેડૂત નીરુબેન પી. પટેલના મોડલ ફાર્મ ખાતે ૩૪-બહેનો ૨૩- ખેડૂત ભાઈઓ, ગણદેવી તાલુકામાં કલમઠા ગામે સુમનભાઈ પટેલના મોડલ ફાર્મ ખાતે કુલ-૪૫ ખેડૂત મહિલાઓ, જલાલપોર તાલુકામાં ભાઠા ગામે મોડલ ફાર્મ પાર્વતીબેન ધીરૂભાઇ પટેલને ત્યા તાલીમમાં ૪૨ બહેનો અને ૦૯ ખેડુત ભાઈઓ, તથા ચીખલી તાલુકામાં રૂમલા ગામે બીપીનભાઈ પટેલના મારૂતી મંથન મોડેલ ફાર્મ ખાતે ૨૬ બહેનો અને ૨૩ ખેડૂત ભાઈઓ ઉપસ્થિત રહી પ્રાકૃતિક ખેતીથી પ્રેરણા મેળવી હતી. અત્રે નોંધનિય છે કે, નવસારી જિલ્લો સંપુર્ણ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બને તે માટે આત્મા પ્રોજેક્ટ નવસારી તથા જિલ્લા ખેતીવાડી કચેરી દ્વારા અનેક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

### ૧૦ વર્ષની હવાઈ સેવાની ઉજવણી અંતર્ગત વેન્ચુરા દ્વારા

# સુરત એરપોર્ટ પર વિમાન પાર્કિંગ માટે વિશાળ ક્ષમતાના હેંગર અને અત્યાધુનિક વિમાન મેન્ટેનન્સ સેવાનો કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે પ્રારંભ





I (માહિતી) ગાંધીનગર, તા.૧૪ I

દશેરાના દિવસે સુરતની વેન્ચુરા એરકનેક્ટ હવાઈસેવાના ૧૦ વર્ષ પૂર્ણ થતા ૧૦ વર્ષની ઉજવણી નિમિત્તે વેન્ચુરા દ્વારા વિમાન પાર્કિંગ માટે વિશાળ ક્ષમતાનું એકમાત્ર હેંગર અને સુરત એરપોર્ટ પર અત્યાધુનિક વિમાન મેન્ટેનન્સ સેવાનો પ્રારંભ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલના હસ્તે થયો હતો. આ પ્રસંગે નાણા ઉર્જા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, વેન્ચુરા એરકનેક્ટના મેન્ટર અને રાજ્યસભા સાંસદ શ્રી ગોવિંદભાઈ ધોળકિયા ઉપસ્થિત રહ્યા હતા. મુંબઈ અને અમદાવાદ જેવા એરપોર્ટ ખુબ જ વ્યસ્ત હોવાથી અને મેન્ટેનન્સની સુવિધાઓ માટે પૂરતી જગ્યાનો અભાવ હોવાથી સુરત એરપોર્ટ ખાતે મેન્ટેનન્સ ફેસિલિટી સાથેના ૪૧ ફૂટની વિશાળ ઉંચાઈનું આધુનિક સુવિધાયુક્ત હેંગર બનાવવામાં આવ્યું છે. જેના કારણે ભારતભરના વિમાનો રિપેરિંગ-મેન્ટેનન્સ માટે સુરત આવશે. સુરતથી એરકનેક્ટિવિટી વધે તેવા સંજોગોમાં પાર્કિંગની કોઈ સમસ્યા ના રહે તે માટે વિમાન પાર્કિંગ માટેના ૩૩,૬૩૬ સ્ક્વેર-ફૂટની ક્ષમતાના હેંગરમાં એકસાથે ૧૦ જેટલા વિમાનો પાર્ક થઈ શકશે. ઉલ્લેખનીય છે કે માત્ર ૩૦ મિનીટ-માં સુરતથી સૌરાષ્ટ્ર પહોચાડતી વેન્ચુરા એર કનેક્ટ દ્વારા છેલ્લા ૧૦ વર્ષથી સુરતથી અમદાવાદ-ભાવનગર-રાજકોટ અને અમરેલી વચ્ચે દરેક વર્ગને પોષાય તેવા દરે સુરક્ષિત એવા સેસના ગ્રાન્ડ કેરેવાન ૯ સીટર લઘુ વિમાનો દ્વારા દૈનિક હવાઈ સેવા શરૂ છે, જે મુસાફરીનો લાભ છેલ્લા ૧૦ વર્ષમાં ૨ લાખથી વધુ લોકોએ મેળવ્યો છે. આ પ્રસંગે પદ્મશ્રી અને સવજીભાઈ ધોળકિયા, અગ્રણી સર્વશ્રી લવજીભાઈ બાદશાહ, લાલજીભાઈ પટેલ સહિત એરપોર્ટના અધિકારીઓ, સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના I-Create પરિસર ખાતે યોજાયેલ 'વિકાસ સપ્તાહ' સેમિનારમાં માહિતી ખાતાના પુસ્તકનું વિતરણ



I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

અમદાવાદના બાળવા I - Create પરિસર ખાતે 'વિકાસ સપ્તાહ' અંતર્ગત વર્ચ્યુઅલ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માહિતી ખાતા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ શ્રી નરેન્દ્રભાઈ મોદીના '૨૩ વર્ષ સફળ, સબળ અને સમર્થ નેતૃત્ત્વના' પુસ્તકનું વિતરણ અમદાવાદ પ્રાદેશિક માહિતી કચેરીના અધિકારીશ્રી અને કર્મચારી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પુસ્તકનું વિતરણ I - create અમદાવાદ સંસ્થાના C.E.O શ્રી અવિનાશ પુનેકર અને સેમિનારમાં ઉપસ્થિત અધિકારીશ્રીઓને તેમજ અન્ય સ્ટાફને કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એક દાયકા પૂર્વે રિસર્ચ ઈનોવેશન અને સ્ટાર્ટઅપ માટે I-Createને પ્રસ્થાપિત કર્યું હતું. જે આજે યુવાનોના સપનાને એક નવી દિશા આપી રહ્યું છે.




# ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે રૂ.બે કરોડની ૨૩ જેટલી પોલીસ વાનને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું



I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

વિજયાદશમીના પાવન અવસરે ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સુરત શહેરના પોલીસ હેડકવાર્ટર ખાતેથી શહેર પોલીસ માટેની કુલ રૂ. બે કરોડની ૨૩ જેટલી પોલીસ વાન-(વન જીપ-બોલેરો)ને ફ્લેગ ઓફ આપી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ૨૩ વાહનો સુરતના વિવિધ પોલીસસ્ટેશનનાપી.આઈ.શ્રીઓ, ક્રાઈમ બ્રાંચ માટે ક્રાઈમ ડિટેકશન તેમજ સંબંધિત સુરક્ષા કામગીરીમાટે ઉપયોગીબનશે. આ પ્રસંગે પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌત, વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સર્વશ્રી વાબાંગ ઝમીર, એચ.આર. ચૌધરી, કે.એન. ડામોર, વિજયસિંહ ગુર્જર, હેતલ પટેલ સહિત ડી.સી.પી., એ.સી.પી.ઓ અને પોલીસકર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિધાનસભાના નાયબ દંડક શ્રી વિજયભાઇ પટેલના અધ્યક્ષ સ્થાને ડાંગ જિલ્લામા તબક્કાવાર ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો યોજાયા



I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

દેશના હાલના વડાપ્રધાન, અને ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજયના ૧૪મા મુખ્યમંત્રી તરીકે તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના દિવસે શપથ લઈને, રાજ્યની વિકાસ યાત્રાની કરવટ બદલી હતી. તેમના કુશળ નેતૃત્વ અને માર્ગદર્શનમા ગુજરાતની વર્ષ-૨૦૦૧ થી વર્ષ-૨૦૨૪ સુધીની ૨૩ વર્ષની સર્વગ્રાહી વૈશ્વિક વિકાસ યાત્રાની સફળતાની ગાથા વર્ણવતા તા.૭ થી તા.૧૫ ઓક્ટોબર દરમિયાન ''વિકાસ સપ્તાહ'' ઉજવણી થઈ રહી છે. જેની ફળશ્રુતિરૂપે તારીખ ૧૧મી ઓક્ટોબરના રોજ, ડાંગ જિલ્લાના આહવા, વઘઈ અને સુબીર તાલુકાઓના થયેલ કામોનુ તબક્કાવાર ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો યોજવામા આવ્યા હતા. જેમા આહવા તાલુકામા રૂ.૨.૧૨ કરોડના કુલ ૬૭ કામો, વઘઈ તાલુકામા રૂ.૧.૭૫ કરોડના કુલ ૫૪ કામો, અને સુબીર તાલુકામા રૂ.૧.૯૨ કરોડના કુલ ૫૮ કામો મળી કુલ રૂ. ૫.૭૯ કરોડના કામોનુ ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામા આવ્યુ હતુ. આ પ્રસંગે ''વિકાસ સપ્તાહ'' અંગે જાણકારી આપતા વિજયભાઇ પટેલે જણાવ્યુ હતું કે, ૨૩ વર્ષ સુશાસનના, લોક વિશ્વાસ અને અવિરત વિકાસના છે. આઝાદીના અમૃતકાળમા વિકસિતભારતનાસ્વપ્નનેસાકારકરવા, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલી વિકાસની કેડી પર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમા, રાજ્ય સરકાર સંપૂર્ણ પ્રતિબદ્ધતા સાથે આગળ વધી રહી છે.

# ઓલપાડ તાલુકાના બરબોધન ગામ ખાતે રૂ.૨.૬૪ કરોડ ખર્ચે વિવિધ વિકાસલક્ષી કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરતાં વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ



I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

ઓલપાડ તાલુકાના બરબોધન ગામે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ.૨.૬૪ કરોડ ખર્ચે મંજૂર થયેલ CCTV કેમેરા, પબ્લિક એનાઉસમેન્ટ સિસ્ટમ તેમજ સ્ટ્રીટ લાઈટ સહિતના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ વન, પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ બરબોધન ગામમાં સુડા દ્વારા રૂ. ૧ કરોડના ખર્ચે ૪ કિ.મી.ના સ્ટ્રીટ લાઈટ પોલના કામનું ખાતમુહૂર્ત તેમજ સ્વભંડોળમાંથી રૂ.૧૩ લાખના ખર્ચે કેમેરા અને પબ્લિક અનાઉન્સમેન્ટ સિસ્ટમ, સાંસદની રૂ. ૫ લાખની ગ્રાન્ટમાંથી નવનિર્મિત હળપતિ સમાજ ભવન, તેમજ સુવિદ્યાપથનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે વનમંત્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૦૧થી ૨૦૨૪ સુધીના કાર્યકાળમાં ગુજરાતને દરેક સેક્ટરમાં વિકાસ અગ્રેસર બનાવ્યું છે. જે સંદર્ભે વિકાસ સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી થઈ રહી છે. ચોમેર વિકાસના કારણે ગુજરાત દેશનું વિકાસનું રોલ મોડેલ બન્યું છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અમલી બનાવીને ૪ કરોડ લોકોના ઘરના ઘરનું સપનું પૂર્ણ કર્યું છે. ઓલપાડ તાલુકામાં જરૂરિયાતમંદોને ૧૫ હજારથી વધુ આવાસની ફાળવણી કરવામાં આવી છે. સરકારની દરેક વિકાસલક્ષી યોજનાઓના લાભ જન જન સુધી પહોંચે એ માટે સહિયારા પ્રયાસો કરવા પર તેમણે ભાર મૂક્યો હતો. વધુમાં મંત્રીશ્રીએ બરબોધન ગામમાં ત્રીજી આંખ એટલે કે સીસીટીવી કેમેરા સિસ્ટમથી ગામની સુરક્ષા પણ વધશે એમ જણાવી ઉમેર્યું હતું કે, કિસાન સન્માન યોજના હેઠળ ખેડૂતોને તેના બેંક એકાઉન્ટમાં સીધા પૈસા ટ્રાન્સફર કરવામાં આવે છે, આ સુવિધાએ લાખો કિસાનોને ઉન્નત ખેતી તરફ વાળ્યા છે. કેન્દ્ર અને રાજ્ય સરકારે આયુષ્માન ભારત યોજના અમલી બનાવી જન જનના આરોગ્યની દરકાર લીધી છે. નીતિ આયોગના રિપોર્ટ મુજબ ૨૦૪૦માં પાણી માટે મુશ્કેલી ઊભી થશે તેવું અનુમાન છે. ત્યારે જળ સમસ્યાના નિરાકરણ માટે જળસંચયને જનઆંદોલન બનાવી 'કેચ ધ રેઈન' અભિયાન થકી વરસાદી પાણીને ભૂગર્ભમાં ઉતારવાનું સરકારે દેશવ્યાપી આયોજન કર્યું છે. જેમાં સૌના સહયોગની અપીલ તેમણે કરી હતી.

મંત્રીશ્રીએ વિકાસલક્ષી પુસ્તકનું વિમોચન કરી સખી મંડળની બહેનો સાથે સંવાદ કર્યો હતો અને સ્વસહાય જૂથો થકી કરેલી પ્રગતિની વિગતો જાણી હતી. મંત્રી અને મહાનુભાવોએ 'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષ વાવીને પ્રકૃતિ જતનનો સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે તા.પં.ઉપપ્રમુખ કિરણ પટેલ, સરપંચ દિશાંત પટેલ, અગ્રણી કિશન પટેલ, બ્રિજેશ પટેલ, મોનાબેન, તાલુકાના સરપંચો, ગ્રામ પંચાયત સભ્યો, સંગઠનના હોદ્દેદારો સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદના I-Create પરિસર ખાતે 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી અંતર્ગત વર્ચ્યુઅલ સેમિનાર યોજાયો





I (માહિતી) અમદાવાદ, તા.૧૪ I

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ૨૩ વર્ષના સફળ, સબળ અને સમર્થ નેતૃત્વની સમગ્ર રાજ્યમાં તારીખ ૭ થી ૧૫ ઓક્ટોબર દરમિયાન 'વિકાસ સપ્તાહ' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત આજે અમદાવાદના બાળવા ખાતે આવેલ I -Create પરિસરમાં 'વિકાસ સપ્તાહ' ની ઉજવણી અંતર્ગત વર્ચ્યુઅલી સેમિનાર યોજાયો હતો. આ પ્રસંગે I - Create અમદાવાદના C.E.O શ્રી અવિનાશ પુનેકરે ઉદ્યોગસાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડ-પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશના વિકાસને કેન્દ્રમાં રાખીને ત્રીજી આંખનું નિર્માણ કરવા માટે I - Createની સ્થાપના કરી હતી. જેથી સ્ટાર્ટઅપ અને ઈનોવેશન ક્ષેત્રે સમયની સાથે તાલ મિલાવીને પ્રગતિ સાધી શકાય. તેમણે કહ્યું કે, આજ સુધીમાં I - Create સંસ્થાએ ૮૦૦ થી વધુ ઈનોવેટર્સ તેમજ ૫૦૦થી વધુ ઉદ્યોગસાહસિકોને માર્ગદર્શન આપી સપોર્ટ કર્યો છે. ભારતમાં અવનવા સંશોધનો અને ટેકનોલોજીનું ઉત્પાદન દિવસેને દિવસે વધી રહ્યું છે, અને વિશ્વના દરેક દેશ સાથે કદમ મિલાવી રહ્યું છે. તેમણે કહ્યું કે, હાલમાં સમગ્ર રાજ્યમાં વિકાસ સપ્તાહના અનેક કાર્યક્રમોની ઉજવણી થઈ રહી છે, જેનો મુખ્ય ઉદેશ્ય ભારતને આત્મનિર્ભર બનાવવાનો છે. રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારની મદદથી I - Create દેશ અને વિશ્વમાં મહત્વપૂર્ણ સંસ્થાન બની રહેશે એવો વિશ્વાસ વ્યક્ત કરતા તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના આત્મનિર્ભર ભારત નિર્માણના અભિયાનમાં I-Create મહત્વનું યોગદાન આપી રહ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. આજના તમારા વર્તનને કારણે તમારી સાથે રહેતી વ્યક્તિ તમારાથી અત્યંત નારાજ થશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કોઈક સંતપુરુષનાં આશિષતમને માનસિક શાંતિ આપશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? ગૃહપ્રવેશ માટે શુભ દિવસ. તમારા પ્રિયપાત્રના કઠોર શબ્દોને કારણે તમારો મૂડ કદાચ વ્યગ્ર થઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારી શારીરિક સુસજ્જતા જાળવે એવી રમતગમતની પ્રવૃત્તિને તમે માણશો એવી શક્યતા છે. તમારા પિતા ની કોઈ સલાહ તમને કાર્યક્ષેત્ર માં આજે ધનલાભ કરાવી શકે છે. ઘરમાં સુધારણા લાવવાની યોજના વિશે વિચારજો. પ્રેમ પ્રકરણમાં ગુલામની જેમ વર્તશો નહીં. કામના સ્થળે આજે કોઈક વ્યક્તિ તમારી સાથે કંઈક સારૂં વર્તન કરશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી પીવાની આદતથી મુક્ત થવા માટે આજે ખૂબ જ શુકનવંતો દિવસ છે. તમારું સંચિત ધન આજે તમારા કામ આવી શકે છે પરંતુ સાથે તમને આના જવા નું દુઃખ પણ થશે. દૂરનાં કોઈ સગાં તરફથી અણધાર્યો સંદેશ આખા પરિવાર માટે ઉત્સાહ લાવશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળાથી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે?

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. લાંબા-ગાળાના દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. પરિવારની જરૂરિયાતો તરફ દુર્લક્ષ કરશો કેમ કે કામના સ્થળે તમે વધુ પડતું શ્રમ લઈ રહ્યા છો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. આજે તમારા હાથ માં ધન નહિ ટકે, ધન સંચય કરવા માં આજે તમને ઘણી બધી તકલીફો નો સામનો કરવો પડશે? યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો, પરંતુ તેઓ તમને તેમની સમસ્યાઓ વિશે કહેશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા બાળકનો દેખાવ તમને અનહદ આનંદ આપશે. આજે આ રાશિ ના અમુક બેરોજગાર લોકો ને નોકરી મળી શકે છે જેથી તેમની આર્થિક સ્થિતિ સુધરશે? આજે તમને જે ફાજલ સમય મળે તેનો લાભ લો અને તમારા પરિવારના સભ્યો સાથે પ્રેમભર્યો સમય વિતાવો. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દૃઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો.

### સરકાર રચવાની તૈયારી

## જમ્મુ અને કાશ્મીરમાં છ વર્ષ બાદ હટ્યું રાષ્ટ્રપતિ શાસન

**। (એજન્સી) જમ્મુ કાશ્મીર, તા.૧૪ ।**

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થયા બાદ હવે સરકાર રચવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સાથે ઘાટીમાં છ વર્ષથી લાદવામાં આવેલ રાષ્ટ્રપતિ શાસન હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં નેશનલ કોન્ફરન્સના ગઠબંધનનો વિજય થયો છે. તેણે ૪૯ બેઠકો જીતી છે જ્યારે ભાજપને ૨૯ બેઠકો મળી છે.જમ્મુ-કાશ્મીરમાં છેલ્લી વિધાનસભા ચૂંટણી ૧૦ વર્ષ પહેલા ૨૦૧૪માં યોજાઈ હતી. ચૂંટણી બાદ ભાજપ અને પીડીપીએ ગઠબંધન કરીને સરકાર બનાવી હતી. પરંતુ ૨૦૧૮માં ભાજપે સમર્થન પાછું ખેંચી લીધા પછી સરકાર પડી ગઈ અને મહેબૂબા મુફતીએ સીએમ પદ પરથી રાજીનામું આપ્યું. ત્યારથી જમ્મુ-કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરવામાં આવ્યું હતું, જે હવે હટાવી લેવામાં આવ્યું છે. જમ્મુ કાશ્મીરમાં રાષ્ટ્રપતિ શાસન ૩૧ ઓક્ટોબર, ૨૦૧૯ના રોજ કલમ ૩૭૦ અને 35Aને રદ કરવા અને ક્ષેત્રમાં બે કેન્દ્ર શાસિત પ્રદેશો - જમ્મુ કાશ્મીર અને લદાખમાં વિભાજિત કરાયા બાદ લગાવાવમાં આવ્યું હતું.ચૂંટણીમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવેલી નેશનલ કોન્ફરન્સને અપક્ષ ધારાસભ્યોનું પણ સમર્થન મળવા લાગ્યું છે. હવે જમ્મુની છમ્બ વિધાનસભાથી ચૂંટણી જીતેલા અપક્ષ નેતા સતીશ શર્મા નેશનલ કોન્ફરન્સમાં જોડાયા છે. રવિવારે ડોડામાં એક રેલીને સંબોધતા AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આમ આદમી પાર્ટી એનસીને સરકાર બનાવવામાં સંપૂર્ણ મદદ કરશે. જમ્મુ-કાશ્મીરમાં સરકાર રચવાનો માર્ગ હવે સાફ થઈ ગયો છે. ઓમર અબ્દુલ્લાની આગેવાની હેઠળની સરકારનો શપથ ગ્રહણ સમારોહ ૧૬ ઓક્ટોબરે શ્રીનગરમાં યોજાઈ શકે છે. જો કે શપથગ્રહણની છેલ્લી તારીખ હજુ સુધી સત્તાવાર જાહેર કરવામાં આવી નથી. ગુરુવારે યોજાયેલી નેશનલ કોન્ફરન્સની બેઠકમાં પાર્ટીએ સર્વસંમતિથી ઓમર અબ્દુલ્લાને ધારાસભ્ય દળના નેતા તરીકે પસંદ કર્યા હતા. પાર્ટી અધ્યક્ષ ફારૂક અબ્દુલ્લાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પાર્ટીના વિધાયક દળની બેઠક યોજાઈ હતી, જેમાં ઓમર અબ્દુલ્લાને સર્વસંમતિથી પાર્ટીના નેતા તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ઓમર અબ્દુલ્લા જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેઓ છેલ્લે ૨૦૦૯ થી ૨૦૧૫ સુધી જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી હતા.

### રિસર્ચમાં થયો મોટો ખુલાસો

# ઋતુ પરિવર્તનને કારણે લોકોના મૂડ અને તેમના નૈતિક મૂલ્યોમાં પણ ફેરફાર

### મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ, ઉદારતા, રંગ પસંદગીઓ-અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

નૈતિક મૂલ્યો એ સિદ્ધાંતો છે જે વ્યક્તિની સારા અને ખરાબ, સાચા અને ખોટાની સમજને માર્ગદર્શન આપે છે. તે આપણા પૂર્વગ્રહો, રાજકીય વિચારધારાઓ અને અન્ય ઘણા મહત્વપૂર્ણ વલણો અને ક્રિયાઓને આકાર આપે છે.એવું માનવું લલચામણું છે કે વ્યક્તિના નૈતિક મૂલ્યો સમય અને સંજોગો સાથે સ્થિર રહે છે, અને અમુક હદ સુધી તે સાચું છે. પરંતુ સંપૂર્ણપણે નહીં. નૈતિક મૂલ્યો પરિવર્તનશીલ છે અને કેટલીકવાર વિવિધ પરિસ્થિતિઓમાં ઉદ્ભવતા ચોક્કસ વિચારો, લાગણીઓ અને પ્રેરણાઓના આધારે બદલાઈ શકે છે. ઋતુઓની વિશેષતા માત્ર હવામાનમાં ફેરફાર નથી, પરંતુ આપણી આસપાસના વાતાવરણ અને આપણા જીવનના લયમાં ઘણા વધારાના ફેરફારો પણ છે. આમાં વસંત ઋતુમાં સફાઈ, ઉનાળામાં પરિવાર સાથે વધુ સમય વિતાવવો, શરદ ઋતુમાં શાળા માટે ખરીદી અથવા શિયાળાની રજાઓની તૈયારી સામેલ હોઈ શકે છે.પરિણામે, ઋતુઓમાં ફેરફાર લોકો જે વિચારે છે, અનુભવે છે અને કરે છે તેમાં ફેરફાર તરફ દોરી જાય છે. મોટાભાગના લોકો જાણે છે કે ઋતુઓમાં હવામાનના ફેરફારની લોકોના મૂડ પર અસર થાય છે, પરંતુ આ તો માત્ર હિમશિલાની ટોચ છે. મનોવૈજ્ઞાનિક સંશોધને ધ્યાન અને યાદશક્તિ,



ઉદારતા, રંગ પસંદગીઓ અને અન્ય ઘણી બાબતો પર ઋતુની અસરો પ્રકાશિત કરી છે. અને તેથી, અમારા તાજેતરના સંશોધનમાં, અમે તપાસ કરી કે શું લોકોના સમર્થન કરતા નૈતિક મૂલ્યોમાં પણ ઋતુગત ચક્રો હોઈ શકે છે.અમે પાંચ મૂળભૂત સિદ્ધાંતોની તપાસ કરી જેને અગાઉના સંશોધનોએ મૂળભૂત નૈતિક મૂલ્યો તરીકે ઓળખ્યા છે. આમાંના બે સિદ્ધાંતો અન્ય લોકોને નુકસાન ન પહોંચાડવું અને બધા લોકો સાથે ન્યાયી વર્તન કરવું. વ્યક્તિગત અધિકારોને લગતા છે અને તેને "વ્યક્તિકરણ" મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે. અન્ય ત્રણ સિદ્ધાંતો - પોતાના જૂથ પ્રત્યે વફાદાર રહેવું, સત્તાનો આદર કરવો અને જૂથની પરંપરાઓ જાળવવી, જૂથની એકતાને પ્રોત્સાહન આપે છે અને તેને "બંધનકારક" મૂલ્યો તરીકે ઓળખવામાં આવે છે.મોટાભાગના લોકો આ બધા મૂલ્યોને સમર્થન આપે છે, પરંતુ લોકો તેમને પ્રાથમિકતા આપવાની માત્રામાં અલગ પડે છે, અને આ પ્રાથમિકતાઓ મહત્વપૂર્ણ અસરો ધરાવે છે. જે લોકો વ્યક્તિકરણ મૂલ્યોને પ્રાથમિકતા આપે છે તેઓ વધુ રાજકીય રીતે ઉદારમતવાદી હોય છે, જ્યારે જે લોકો બંધનકારક મૂલ્યોને પ્રાથમિકતા આપે છે તેઓ વધુ રૂઢિચુસ્ત, વધુ શિક્ષાત્મક હોય છે અને બાહ્ય જૂથો પ્રત્યે વધુ મજબૂત પૂર્વગ્રહો વ્યક્ત કરે છે.ઋતુગત ચક્રોશું ઋતુઓ લોકોના આ મૂળભૂત નૈતિક મૂલ્યોના સમર્થનની માત્રાને અસર કરે છે? આ જાણવા માટે, અમે YourMorals નામની સંશોધન વેબસાઈટ પરથી ડેટા મેળવ્યો, જે ઓનલાઈન સર્વે પદ્ધતિઓનો ઉપયોગ કરીને લોકોના આ પાંચેય મૂળભૂત નૈતિક મૂલ્યોના સ્વ અહેવાલિત સમર્થનનું મૂલ્યાંકન કરે છે. અમારા વિશ્લેષણમાં યુનાઈટેડ સ્ટેટ્સમાં એક દાયકા (૨૦૧૧ ૨૦)ના ડેટામાં ૨૩૨,૯૭૫ પ્રતિભાવકોએ જણાવેલા મૂલ્યો પર ધ્યાન કેન્દ્રિત કર્યું. પરિણામોમાં અમેરિકનોના વ્યક્તિકરણ મૂલ્યોના સમર્થનમાં કોઈ સ્પષ્ટ ઋતુગત ચક્ર જોવા મળ્યું નહીં, પરંતુ અમેરિકનોના બંધનકારક નૈતિક મૂલ્યોના સમર્થનમાં સ્પષ્ટ અને સુસંગત ઋતુગત ચક્ર હતું.

## કેનેડામાં યહૂદી શાળામાં ગોળીબાર, આ વર્ષે આવી બીજી ઘટના બની




**। (એજન્સી) કેનેડા, તા.૧૪ ।**

કેનેડાની એક યહૂદી શાળામાં ફરી એકવાર ગોળીબારની ઘટના સામે આવી છે. મળતી માહિતી મુજબ શનિવારે ટોરોન્ટોની એક યહૂદી શાળામાં ફાયરિંગ થયું હતું. આ વર્ષે યહૂદી શાળામાં ગોળીબારની આ બીજી ઘટના છે. કેનેડામાં ગાઝામાં યુદ્ધની શરૂઆતથી જ યહૂદી વિરોધી હુમલાઓમાં વધારો થયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, સવારે બેસ ચાયા મુશ્કા ગર્લ્સ સ્કૂલમાં એક વાહનમાંથી ગોળી ચલાવવામાં આવી હતી. સદનસીબે ફાયરિંગમાં કોઈને ઈજા થઈ ન હતી. આ દરમિયાન શાળાની બારીઓના કાચ તૂટી ગયા હતા. ટોરોન્ટોના નોર્થ યોર્ક વિસ્તારમાં આવેલી શાળાને મે મહિનામાં આવી જ એક ઘટનામાં નિશાન બનાવવામાં આવી હતી. પોલીસનું માનવું છે કે ગોળીબારની બંને ઘટનાઓ એકબીજા સાથે જોડાયેલી છે. આ ઘટના પર કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું કે તેઓ આ ઘટનાથી ખૂબ જ પરેશાન છે. આ ઘટના એવા સમયે બની જ્યારે યહૂદીઓ યહુદી ધર્મમાં વર્ષના સૌથી પવિત્ર દિવસ યોમ કિપ્પુરની ઉજવણી કરી રહ્યા હતા. ટ્રુડોએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "મારું હૃદય વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીઓ માટે દુઃખી છે જેઓ આજે ભયભીત છે." તેમણે કહ્યું કે યહૂદી વિરોધી નફરતનું ખતરનાક સ્વરૂપ છે. અમે આ સહન નહીં કરીએ. યહૂદી સંગઠન બનાઈ બ્રીથ કેનેડા દ્વારા મે મહિનામાં પ્રકાશિત કરાયેલા અહેવાલ અનુસાર, ૨૦૨૨ અને ૨૦૨૩ ની વચ્ચે દેશમાં સેમિટિક વિરોધી પ્રવૃત્તિઓ બમણીથી વધુ થવાની ધારણા છે. નવેમ્બર ૨૦૨૩ માં, એક જ અઠવાડિયામાં મોન્ટ્રીયલની એક યહૂદી શાળામાં બે ગોળીબાર થયા હતા, જેમાં કોઈને ઈજા થઈ ન હતી.

### રાહુલ ગાંધીએ અગ્નિવીર યોજના પર ઉઠાવ્યા સવાલ

## ટ્રેનિંગ દરમિયાન બે અગ્નિ વીરોના મોત મુદ્દે રાહુલના પ્રહાર

**જે રીતે અન્ય જવાનોની શહીદી પર તેમના પરિવારને વળતર ચૂકવાય છે તે મુજબ વળતર ચૂકવાશે : રાહુલનો પ્રશ્ન**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

મહારાષ્ટ્રનાં નાસિક ખાતે તાજેતરમાં જ અગ્નિવીરની તાલીમ સમયે ઈન્ડિયન ફિલ્ડ ગન (તોપ)માંથી ગોળો ફેંકતી વખતે અચાનક બ્લાસ્ટ થતાં બે તાલીમાર્થીએ જીવ ગુમાવ્યા હતાં, જેમાં જામકંડોરણા પંથકનાં આંચવડ ગામનાં વિશ્વરાજસિંહ મહિપતસિંહ ગોહિલ (ઉ.વ.૨૦) પણ શહીદ થયાં હતા. હવે આ ઘટના મામલે લોકસભાના વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ બે અગ્નિવીરની શહીદી મુદ્દે એક્સ પર પોસ્ટ કરી છે. તેમણે ફરી અગ્નિવીર યોજના પર આંગળી ચીંધી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પર નિશાન સાધ્યું છે. રાહુલ ગાંધીએ આજે એક્સ પર પોસ્ટ કરીને લખ્યું છે કે, 'નાસિકમાં ટ્રેનિંગ દરમિયાન બે અગ્નિવીર ગોહિલ વિશ્વરાજસિંહ અને સૈફત શિતનું નિધન એક દુઃખદ ઘટના છે. તેમના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના.

## સાઉથ કોરિયાને કિમ જોન્ગ ઉનની બહેનની ખુલ્લી ધમકી

**। (એજન્સી) સાઉથ કોરિયા, તા.૧૪ ।**

ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેન કિમ યો જોંગે શનિવારે દક્ષિણ કોરિયાને મોટી ધમકી આપી છે. તેમણે કહ્યું કે જો દક્ષિણ કોરિયાના ડ્રોન ઉત્તર કોરિયાની ઉપરથી ઉડતા જોવા મળશે તો તેના પરિણામો ભયાનક હશે. ઉત્તર કોરિયાએ આ નિવેદન ત્યારે આપ્યું જ્યારે દક્ષિણ કોરિયાના ડ્રોન રાજધાની પ્યોંગયાંગના આકાશમાં જોવા મળ્યા હતાં.કિમ જોંગ-ઉનની બહેન કિમ યો જોંગે રાજ્ય મીડિયા KCNA દ્વારા કહ્યું કે તાજેતરની ડ્રોન ઘૂસણખોરી એક ગંભીર ઘટના છે. કિમે દક્ષિણ કોરિયાની સૈન્યની ટીકા કરતા કહ્યું કે તેઓ ડ્રોન ઘૂસણખોરીને ઓળખવામાં નિષ્ફળ રહ્યા છે. આ માટે દુશ્મન દેશની સેના જવાબદાર છે. તેમણે એમ પણ કહ્યું કે ઉત્તર કોરિયા વિરોધી પત્રિકાઓ (જે ડ્રોન દ્વારા મોકલવામાં આવી



હતી) ઘટનાની ગંભીરતા દર્શાવે છે.દક્ષિણ કોરિયાના જોઈન્ટ ચીફ ઓફ સ્ટાફે ઉત્તર કોરિયાનાઆરોપોપરતરતજપ્રતિક્રિયાઆપી હતી. તેમણે કહ્યું કે તેઓ આ આરોપોની પુષ્ટિ કરી શક્યા નથી. જો કે આ સમગ્ર મામલે ઉત્તર કોરિયાએ કહ્યું કે દક્ષિણ કોરિયાથી ડ્રોન અને બલૂન મોકલવામાં આવ્યા છે, જેમાં કિમ જોંગ-ઉનની ટીકા કરતી પત્રિકાઓ અને સહાય સામગ્રી મોકલવામાં આવી રહી છે. ઉત્તર કોરિયા આવી ગતિવિધિઓને પોતાની સરકાર વિરુદ્ધ માને છે અને તેનો જવાબ ગુબ્બારા દ્વારા કચરો મોકલીને આપી રહ્યું છે, જેનાથી બંને દેશો વચ્ચે તણાવ વધી રહ્યો છે. ઉત્તર અને દક્ષિણ કોરિયા વચ્ચે તાજેતરના સમયમાં વધી રહેલા તણાવને કારણે બંને દેશો વચ્ચે સુરક્ષા અને રાજકીય સંકટની સ્થિતિ સર્જાઈ રહી છે. જો દક્ષિણ કોરિયાના ડ્રોન ઉત્તર કોરિયાની ઉપરથી ઉડતા જોવા મળશે તો તેના પરિણામો ભયાનક હશેઃ કિમ યો જોંગ કિમ યો-જોંગ કિમ જોંગ-ઉનની એકમાત્ર બહેન છે. જોંગ-ઉનનો જન્મ વર્ષ ૧૯૮૭માં થયો હતો. તે કિમ કરતાં માત્ર ૪ વર્ષ નાની છે. તેણે તેના ભાઈ સાથે સ્વિટ્ઝર્લેન્ડના બર્નમાં અભ્યાસ કર્યો. જો કે, વર્ષ ૨૦૧૮ માં કિમ યો-જોંગ ત્યારે ચર્ચામાં આવી જ્યારે તે દક્ષિણ કોરિયાની મુલાકાત લેનારી કિમ રાજવંશની પ્રથમ સભ્ય બની. તે સમયે તે પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે વિન્ટર ઓલિમ્પિકમાં ગઈ હતી.

### ઈઝરાયેલ માસૂમને બનાવ્યા નિશાન

## ગાઝામાં શાળા પર હવાઈ હુમલા દરમિયાન બાળકો સહિત ૨૦ના મોત

**મૃતદેહોને નુસેરાતની અલ-અવદા હોસ્પિટલ-દેર અલ-બાલાહની અલ-અક્સા શહીદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા**

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૪ ।**

ઈઝરાયેલ હાલમાં હમાસ અને હિજબુલ્લાહ સાથે બે મોરચે યુદ્ધ લડી રહ્યું છે ત્યારે ફરી એકવાર ઈઝરાયલે ગાઝામાં હવાઈ હુમલો કર્યો હતો. સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર, મધ્ય ગાઝામાં બેઘર લોકોનું આશ્રયસ્થાન બની ગયેલી એક શાળામાં ઈઝરાયલે આ વખતે હવાઈ હુમલા કરતાં હાહાકાર મચી ગયો હતો. આ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા.નુસેરાતમાં રવિવારે રાત્રે કરાયેલા હુમલામાં મૃતકોમાં બે મહિલાઓ પણ સામેલ હતી. આ શાળા ગાઝામાં વર્ષો સુધી ચાલેલા યુદ્ધથી વિસ્થાપિત થયેલા ઘણા પેલેસ્ટિનિયનોનું ઘર હતી. મૃતદેહોને નુસેરાતની અલ-અવદા હોસ્પિટલ અને દેર અલ-બાલાહની અલ-અક્સા શહીદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના બોમ્બમારા અને ગાઝા પર ગ્રાઉન્ડઓપરેશનમાં અત્યાર સુધી ગાઝામાં ૪૨,૦૦૦થી વધુપેલેસ્ટિનિયનો માર્યા ગયા છે.

# વિશેષ

### અમદાવાદનું આઇકોનિક સ્ટ્રક્ચર - સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ

# અમદાવાદના વૈશ્વિક વિકાસનું ધોતક 'સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ' એટલે બુલેટ ટ્રેન, રેલવે ટ્રેન, મેટ્રો ટ્રેન અને BRTS બસનું સમન્વય સ્થળ

**ખાસ લેખ : ઉમંગ બારોટ**

**। (માહિતી) અમદાવાદ ।**

દેશની પહેલી બુલેટ ટ્રેનનું ટર્મિનલ સ્ટેશન અમદાવાદના સાબરમતી રેલવે સ્ટેશન પાસે જ બનાવવામાં આવ્યું છે. મુંબઈ - અમદાવાદ વચ્ચે હાઈ સ્પીડ રેલ કોરિડોર અને બુલેટ ટ્રેનનું સંચાલન કરનારી સંસ્થા નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશને બુલેટ ટ્રેનના આ ટર્મિનલ સ્ટેશનની નજીક મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ પણ વિકસાવ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતની ૨૩ વર્ષની વિકાસ યાત્રાને સમગ્ર રાજ્ય વિકાસ સપ્તાહ તરીકે ઊજવી રહ્યું છે, ત્યારે અમદાવાદનું આઈકોનિક સ્ટ્રક્ચર 'સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ' સૌના ધ્યાનાકર્ષણનું કારણ બન્યું છે.

સૌથી મહત્ત્વની બાબત એ છે કે, આ મલ્ટિ મોડેલ ટ્રાન્સપોર્ટ હબની બિલ્ડિંગનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે, જેથી તે હાઈ સ્પીડ રેલ (બુલેટ ટ્રેન) સ્ટેશન, સાબરમતી રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડને પરસ્પર જોડે છે.

મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ બિલ્ડિંગમાં ત્રણ ફૂટ ઓવરબ્રિજ આવેલા છે, જે પેસેન્જરને સીધા રેલવે સ્ટેશન, મેટ્રો સ્ટેશન અને બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ જવામાં માટે સરળતા કરી આપશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૭માં જાપાનના વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં ભારતની પહેલી બુલેટ ટ્રેન માટેના હાઈ સ્પીડ રેલ કોરિડોરનું ખાતમુહૂર્ત અમદાવાદમાં કર્યું હતું. અમદાવાદથી મુંબઈ વચ્ચેનો હાઈ સ્પીડ રેલ કોરીડોર નિર્માણાધીન છે. સાબરમતી હાઈ સ્પીડ રેલ (HSR) સ્ટેશન એ મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું ટર્મિનલ





સ્ટેશન છે, જેની બાજુમાં આ મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબનું નિર્માણ થયું છે.

**સાબરમતી મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બિલ્ડિંગની વિશેષતાઓ**

હબ બિલ્ડિંગ એક જોડિયા માળખા તરીકે બાંધવામાં આવ્યું છે, જેમાં ઓફિસ, કોમર્શિયલ ડેવલપમેન્ટ અને મુસાફરો માટે રિટેલ આઉટલેટ, હોટેલ વગેરે માટે જગ્યા નિર્ધારિત કરવામાં આવી છે.

સૂચિત હબ બિલ્ડિંગ HSR સ્ટેશન, બંને બાજુનાં વેસ્ટર્ન રેલ્વે સ્ટેશનો, મેટ્રો સ્ટેશન અને BRTSને FOB દ્વારા સિમલેસ કનેક્ટિવિટી પૂરી પાડે છે.

- ફૂટ ઓવર બ્રીજ- FOB 1: હબ બિલ્ડિંગને સાબરમતી (મીટરગેજ) રેલવે સ્ટેશન અને બુલેટ ટ્રેન (HSR) સ્ટેશન સાથે જોડે છે. મુસાફરોની સુવિધા માટે FOB પર ટ્રાવેલેટર્સ ઈન્સ્ટોલ કરવામાં આવશે.
- ફૂટ ઓવર બ્રીજ- FOB 2 હબ બિલ્ડિંગના અનપેડ કોક્રોર્સ અને મેટ્રો સ્ટેશનના અનપેઈડ કોક્રોર્સ અને BRTS સ્ટેન્ડ વચ્ચે કનેક્ટિવિટી પૂરી પાડે છે.
- ફૂટ ઓવર બ્રીજ- FOB 3 સાબરમતી (બ્રોડગેજ) રેલ્વે સ્ટેશનના રેલ્વે પ્લેટફોર્મ સાથે બુલેટ ટ્રેન (HSR) સ્ટેશનોના અનપેડ કોન્સર્સને જોડે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સાબરમતી મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબ બિલ્ડિંગમાં સરળતાથી પહોંચવા માટે, ખાનગી કાર, ટેક્સી, બસ, ઓટો, ટુ વ્હીલર માટે પૂરતી પાર્કિંગ જગ્યા તેમજ સમર્પિત પિક અપ અને ડ્રોપ ઓફ બે બનાવવામાં આવ્યા છે. આ બુલેટ ટ્રેન સ્ટેશન પરિસરમાં મુસાફરોની સરળ અવરજવર અને ટ્રાફિકને સુનિશ્ચિત કરશે. હબ બિલ્ડિંગમાં મુસાફરો, રિટેલ સ્ટોર અને રેસ્ટોરાં માટેના વેઈટિંગ એરિયા જેવી અન્ય સુવિધાઓ સાથે સમર્પિત કોક્રોર્સ ફ્લોર ધરાવે છે. કોક્રોર્સ ફ્લોરની ઉપર બિલ્ડિંગ બ્લોક્સ બે અલગ-અલગ બ્લોક્સ છ અને મ્માં બે સ્તરો પર એકબીજા સાથે જોડાયેલા ટેરેસ સાથે વિભાજિત છે. બ્લોક છમાં ભાવિ ઓફિસ સ્પેસ માટે આરક્ષિત કોક્રોર્સ ઉપર ૬ માળ છે. બ્લોક બીમાં ૪ માળનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં હોટેલની સુવિધાઓ સાથે મીટિંગ રૂમ, બેક્વેટ હોલ, કોન્ફરન્સ રૂમ, સ્વિમિંગ પૂલ, રેસ્ટોરન્ટ વગેરે છે.

ભારતીય રેલ્વે અને બુલેટ ટ્રેન (HSR) વચ્ચે મુસાફરોના આદાનપ્રદાન માટે હબ કોક્રોર્સમાં ભારતીય રેલ્વે માટે ટિકિટ કાઉન્ટર પ્રદાન કરવામાં આવ્યું છે. સાબરમતીના ઐતિહાસિક સંદર્ભને ધ્યાને રાખીને બિલ્ડિંગના દક્ષિણ તરફના ભાગમાં પ્રખ્યાત દાંડી માર્ચ ચળવળને દર્શાવતું એક વિશાળ સ્ટેનલેસ સ્ટીલ ભીંતચિત્ર- દાંડી માર્ચ મ્યુરલ ઊભું કરવામાં આવ્યું છે. વડાપ્રધાનશ્રીના ગ્રીન ગ્રોથના વિઝનને સાકાર કરવા આ સાબરમતી મલ્ટિમોડલ ટ્રાન્સપોર્ટ હબને વિવિધ ગ્રીન બિલ્ડિંગ ફીચર્સ સાથે ડિઝાઈન કરવામાં આવ્યું છે. ઈમારતની છત પર સોલાર પેનલ, વિશાળ લેન્ડસ્કેપ ટેરેસ અને બગીચા, ઊર્જા કાર્યક્ષમ એર કન્ડીશનિંગ અને લાઈટિંગ ફિક્સર સાથે કાર્યક્ષમ પાણીના ફિક્સરનો સમાવેશ થાય છે. સમગ્ર બિલ્ડિંગના મોટાભાગના વિસ્તારોમાં પૂરતો કુદરતી પ્રકાશ ઉપલબ્ધ છે અને આસપાસના સુંદર દશ્યો જોઈ શકાય છે.

દેશની પહેલી બુલેટ ટ્રેન સ્ટેશનની નજીક બનેલુ 'સાબરમતી મલ્ટિ મોડલ ટ્રાન્સપોર્ટ હબ' એક સાથે ચાર (બુલેટ ટ્રેન, રેલવે ટ્રેન, મેટ્રો ટ્રેન અને BRTS બસ) ટ્રાન્સપોર્ટ મોડનું સમન્વય સ્થળ બન્યું છે તેમજ અમદાવાદના વૈશ્વિક વિકાસનું ધોતક પુરવાર થયું છે.

## ૧૫ અને ૧૬ ઓક્ટોબરના રોજ રેલવે ક્રોસિંગ નં. 10-SPL (નરોડા GIDC ફાટક) બંધ રહેશે

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમ રેલવે અમદાવાદ ડિવિઝનની અમદાવાદ-હિંમતનગર-ઉદયપુર રેલવે લાઈન પર અસારવા-નરોડા સેક્શનમાં સ્થિત રેલવે ક્રોસિંગ નંબર 10 SPL કિમી ૩૯૯/૨-૩ (નરોડા GIDC ફાટક) મરમ્મત અને મેન્ટેનન્સના કામ માટે ૧૫ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ સવારે ૦૮:૦૦ વાગ્યા થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ સાંજે ૧૮:૦૦ વાગ્યા સુધી (૨ દિવસ માટે) બંધ રહેશે. રોડ યુઝર્સ આ સમયગાળા દરમિયાન નરોડા (ROB) રોડ ઓવર બ્રિજ અને રિંગ રોડ (ROB) રોડ ઓવર બ્રિજ દ્વારા મુસાફરી કરી શકે છે.

## પશ્ચિમ રેલવે ચલાવશે અમદાવાદ-ગ્વાલિયર વચ્ચે ફેસ્ટિવલ સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૧૪ ।

પશ્ચિમર રેલવે દ્વારા આગામી દિવાળી અને છઠ ફેસ્ટિવલને જોતાં, યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખતાં અમદાવાદ અને ગ્વાલિયર વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેની વિગતો નીચે પ્રમાણે છે :-

ટ્રેન નંબર ૦૯૪૧૧/૦૯૪૧૨ અમદાવાદ-ગ્વાલિયર સુપરફાસ્ટ સ્પેશિયલ ટ્રેન

ટ્રેન નંબર ૦૯૪૧૧ અમદાવાદ-ગ્વાલિયર સ્પેશિયલ ૧૯, ૨૬ ઓક્ટોબર અને ૦૨ નવેમ્બર ૨૦૨૪ (શનિવાર) ના રોજ અમદાવાદથી ૨૦.૨૫ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૧૩.૦૦ કલાકે ગ્વાલિયર પહોંચશે. આ પ્રમાણે ટ્રેન નંબર ૦૯૪૧૨ ગ્વાલિયર-અમદાવાદ સ્પેશિયલ ૨૦, ૨૭ ઓક્ટોબર અને ૦૩ નવેમ્બર ૨૦૨૪ (રવિવાર) ના રોજ ગ્વાલિયરથી ૧૬.૩૦ કલાકે ઉપડશે તથા બીજા દિવસે ૦૯.૦૫ કલાકે અમદાવાદ પહોંચશે.

માર્ગમાં બંને દિશાઓમાં આ ટ્રેન આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, મક્સી, ગુના અને શિવપુરી સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ શ્રેણીના કોચ રહેશે.








વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્ટેચ્યુ ઓફ યુનિટી, સર્કિટ હાઉસ, એકતા મોલ સહિતના પ્રવાસીય પ્રકલ્પો રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યા.

# અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં વરસાદ વરસ્યો

। (એજન્સી) અમદાવાદ, તા.૧૪ ।

રાજ્યના વિવિધ વિસ્તારોમાં આસો મહિનામાં પણ અષાઢી માહોલ જામ્યો હોય તેવું જણાઈ રહ્યું છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં નવરાત્રિ આસપાસ ચોમાસું વિદાય લઈ લેતું હોય છે, પરંતુ ચાલુ વર્ષે નવરાત્રિ દરમિયાન અને નવરાત્રિ બાદ પણ અનેક વિસ્તારોમાં અષાઢી માહોલ જામ્યો હોય એ રીતે વરસાદી આફત વરસી રહી છે. રવિવારે રાજ્યના ૨૯ જિલ્લાના ૧૩૧ તાલુકામાં વરસાદ વરસ્યા બાદ આજે પણ હવામાન વિભાગ દ્વારા ૯ જિલ્લામાં ભારે વરસાદની આગાહી કરી છે. આજે ગાંધીનગર અને અમદાવાદ શહેરમાં જોરદાર વરસાદી ઝાપટાં વરસતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને જામનગરમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો.જામનગર જિલ્લા અને શહેર વિસ્તારમાં સતત ત્રીજા દિવસે ધોધમાર વરસાદ વરસ્યો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો હતો. જેથી મુખ્ય માર્ગો પર વરસાદી પાણી વહેતા થયા હતા. બીજી તરફ વરસાદના પગલે શહેરના વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.માંડવી અને મુન્દ્રા તાલુકામાં વરસાદી ઝાપટાં વરસ્યા હતા. જેથી માર્ગો પરથી પાણી વહી નીકળ્યા હતા. ઉલ્લેખનીય છે કે, ગઈકાલે ભુજ અને નખત્રાણા તાલુકામાં એકથી બે ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

# વિકસીત ભારત @2047 સાકાર કરવામાં દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત લીડ લેવા સજ્જ છે : મુખ્યમંત્રી

। ગાંધીનગર, તા.૧૪ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા વિકસિત ભારત જ ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવામાં દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત લીડ લેવા સજ્જ છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, દેશમાં સુદ્રઢ નાણાંકીય વ્યવસ્થાપનમાં ગુજરાત નંબર વન પર છે. સૌ સાથે મળીને ક્વોલિટી વર્ક, સામાન્ય માનવીના હિતોને કેન્દ્રમાં રાખીને નીતિ ઘડતર અને તેના અમલમાં વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં દેશના આ અમૃતકાળથી આઝાદીની શતાબ્દી ૨૦૪૭ સુધી સદાય લીડ લેવાના નિર્ધાર સાથે આપણે વિકાસ રાહે આગળ વધ્યા છીએ. મુખ્યમંત્રીશ્રી રાજ્યવ્યાપી વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત રૂ. ૨૦૦૦ કરોડથી વધુના લોકાર્પણ ખાતમૂર્હત અવસરે સંબોધન કરી રહ્યા હતા.



વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના ૧૪માં મુખ્યમંત્રી તરીકે ૦૭ ઓક્ટોબર ૨૦૦૧ના શપથ લઈને ગુજરાતની વિકાસ યાત્રાને નવી દિશા આપીને જે નવા સીમાચિહ્ન સર કરાવ્યા તેને ૨૩ વર્ષ ૦૭ ઓક્ટોબર ૨૦૨૪ના પૂર્ણ થયા છે. વડાપ્રધાનશ્રીના સુશાસન નેતૃત્વની આ ૨૩ વર્ષની સફળતાને રાજ્ય સરકારે વિકાસ સપ્તાહ દ્વારા વિવિધ વિકાસ કામોથી ઉજવણી કરવાનું આયોજન કર્યું છે.

## રેડક્રોસના આગેવાનો માનવીય કર્તવ્યનું પાલન કરીને આ લોક અને પરલોક, બંનેને ઉન્નત કરી રહ્યા છે : આચાર્ય દેવવ્રતજી

**રોગી અને જરૂરિયાતમંદ લોકોની સેવા માટે રેડક્રોસ તત્પર છે, પરંતુ લોકોએ પણ બીમાર જ ન પડાય તેનું ધ્યાન રાખવાની આવશ્યકતા છે : આચાર્ય દેવવ્રતજી**



। ગાંધીનગર, તા.૧૪ ।

રાજ્યપાલ અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાના પ્રમુખ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રક્તદાન પ્રવૃત્તિમાં સમગ્ર દેશમાં અગ્રેસર ગુજરાત રેડક્રોસને અભિનંદન આપ્યા હતા. પ્રધાનમંત્રી જનઔષધી કેન્દ્રોનું નેટવર્ક વિસ્તારીને રેડક્રોસ દ્વારા ગ્રામીણ નાગરિકોની સારી સેવા થઈ રહી છે, એમ પણ તેમણે કહ્યું હતું. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત રાજ્ય શાખાની વાર્ષિક સાધારણ સભા આજે રાજભવનમાં યોજાઈ હતી. આ બેઠકને સંબોધન કરતાં તેમણે કહ્યું કે, રેડક્રોસ સાથે જોડાયેલા સમાજના આગેવાનો માનવીય કર્તવ્યનું પાલન કરીને આ લોક અને પરલોક બંનેને ઉન્નત કરી રહ્યા છે.

સેવાનું મહત્વ સમજાવતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, જેમણે પણ જન્મ લીધો છે, તેનું મૃત્યુ નિશ્ચિત જ છે. ધન્ય એ છે, જે જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય સેવામાં વ્યતીત કરે છે. રેડક્રોસના માધ્યમથી સેવાકાર્ય કરી રહેલા લોકો અને રાજ્ય સરકારનો આરોગ્ય વિભાગ બંને એકમેકના સહયોગથી સમાજના સ્વાસ્થ્યની ચિંતા કરી રહ્યા છે. જરૂરિયાતમંદ લોકોનો સહારો બની રહ્યા છે. સેવાભાવથી સમાજનું કલ્યાણ કરી રહ્યા છે. આનાથી મોટું પુણ્ય કાર્ય બીજું એક પણ નથી. માનવતાની ભલાઈ જ જીવનનું પરમ લક્ષ્ય હોવું જોઈએ, એ જ કલ્યાણનો માર્ગ છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, સ્વાસ્થ્યના દરેક ક્ષેત્રમાં સેવા માટે રેડક્રોસ અગ્રણી છે. રોગી અને જરૂરિયાતમંદ લોકોની સેવા માટે રેડક્રોસ તત્પર છે, પરંતુ લોકોએ પણ બીમાર જ ન પડે તેનું ધ્યાન રાખવાની આવશ્યકતા છે. સ્વચ્છંદી અને અનિયમિત જીવનશૈલી તથા ખાન-પાનથી બીમારી આવે છે.

